RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
E-mail Id: mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક

Year : 15, Issue : 148, Dt.06-09-2024 Friday Page : 4 Retail Selling Price : Rs. 3/- Published Date : DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

# ગુજરાતમાં રાજકોટના રસ્તા સૌથી વધુ જીવલેણ

## રાજકોટ મનપાના શાસકોની પોલ ખોલતો ચોંકાવનારો રિપોર્ટ : એક લાખની વસતીએ અકસ્માતમાં મૃત્યુદર ૯.૭: અમદાવાદ, વડોદરા, સુરત ઉપરાંત દિલ્હી, કોલકતા, ગ્રેટર મુંબઈ જેવા મહાનગરો કરતા પણ વધુ

**મુખ્ય સમાચાર,રાજકોટ**
કેન્દ્ર સરકારનાં નવા મોટર વ્હીકલ કાયદાનો સૌ પ્રથમ અમલ કરનાર રાજય બનેલા ગુજરાતમાં સૌથી જીવલેણ રસ્તા રાજકોટના હોવાનો ચોંકાવનારો રીપોર્ટ જાહેર થયો છે

કેન્દ્ર સરકારે નવા મોટર વ્હીકલ કાયદામાં દંડની રકમમાં તગડો વધારો કર્યો હતો.

કેન્દ્રમાં ભાજપનું શાસન હોવાથી આ કાયદો લાગુ કરવામાં ગુજરાતે સૌ પ્રથમ પહેલ કરી હતી. ૨૦૧૯ સપ્ટેમ્બરમાં કાયદો લાગુ કરી દીધો હતો.દ્વિચક્રી વાહન ચાલકો માટે હેલમેટ પહેરવાના નિયમનો ફરજીયાત અમલ કરાતા રાજયભરમાં ભારે વિરોધ સર્જાયો હતો.

તત્કાલીન મુખ્યમંત્રી વિજય રૂપાણીના હોમટાઉનમાં પણ જોરદાર વિરોધ થતા કોર્પોરેશન વિસ્તારોમાં હેલમેટ નિયમમાંથી મુકિત આપવામાં આવી હતી. હવે નવા અભ્યાસમાં એવુ બહાર આવ્યું છે કે હેલમેટનો વિરોધ કરવામાં અગ્રેસર રહેલા રાજકોટમાં જ સૌથી વધુ જીવલેણ માર્ગ અકસ્માતો થાય છે. દિલ્હી-કોલકતા, હૈદરાબાદ જેવા મોટા શહેરો કરતાં પણ અકસ્માતમાં ખુવારીનું પ્રમાણ વધારે છે.

આઈઆઈટી દિલ્હીના ટ્રાન્સપોર્ટેશન રિચર્સ એન્ડ ઈજનેરી પ્રિવેન્શન સેન્ટર દ્વારા તૈયાર કરાયેલા નરોડ સેફટી ઈન ઈન્ડીયા સ્ટેટસ રિપોર્ટ ૨૦૨૩થમાં એવુ બહાર આવ્યું છે કે રાજકોટના રસ્તાઓ પરના માર્ગ અકસ્માતો સૌથી વધુ જીવલેણ છે.દિલ્હી, અમદાવાદ, હૈદરાબાદ, ગ્રેટર મુંબઈ, કોલકતા જેવા મહાનગરો કરતા પણ રાજકોટનાં અકસ્માતોમાં મૃત્યુદર વધુ છે.

રાજકોટની વસતી દિલ્હી કરતા ૧૦ ટકા અને અમદાવાદ કરતા ૨૫ ટકા જ છે. છતાં સૌરાષ્ટ્રનાં આ પાટનગરમાં એક લાખની વસ્તીએ ૯.૭ લોકોના માર્ગ અકસ્માતમાં ભોગ લેવાય છે. રાજયના અન્ય શહેરો એવા વડોદરામાં આ પ્રમાણ ૭.૪, અમદાવાદમાં ૫.૫ તથા સુરતમાં ૫.૫ છે. પાટનગર દિલ્હીમાં એક લાખની વસ્તીએ ૬.૯ લોકોનો અકસ્માતમાં ભોગ લેવાય છે. હૈદરાબાદમાં આ પ્રમાણ ૩.૪, ગ્રેટર મુંબઈમાં ૨.૪ તથા કોલકતામાં ૧.૬ છે.

દેશમાં સૌથી વધુ પ્રાણઘાતક રસ્તાઓમાં અસનસોલનો સમાવેશ થાય છે જયાં પ્રતિ લાખની વસ્તીએ ૨૨.૯ લોકો અકસ્માતમાં મોતને ભેટે છે. લુધીયાણામાં ૨૧.૪, વિજયવાડામાં ૨૦.૭, અલ્હાબાદમાં ૧૯.૮ તથા જયપુરમાં ૧૯.૧ છે.



આઈઆઈટી દિલ્હી દ્વારા ૧૦ લાખથી વધુની વસ્તી ધરાવતાં ૫૩ શહેરોનો અભ્યાસ કર્યો હતો નેશનલ હાઈવે રેકોર્ડ બ્યુરોનાં ૨૦૧૯ તથા ૨૦૨૧ નાં આંકડાઓનું વિશ્લેષણ કરાયું હતું. ૨૦૨૧ માં આ ૫૩ શહેરોમાં અકસ્માતોમાં ૧૩૩૮૪ લોકો મોતને ભેટયા હતા.

જે શહેરી વિસ્તારોમાં જીવલેણ અકસ્માતોનાં ૨૯ ટકા હતા. મોટા શહેરોમાં અકસ્માતોમાં ઓછા મૃત્યુદર માટે એવુ તારણ કાઢવામાં આવ્યું છે કે જયાં ટ્રાફીક ગીચતાને કારણે વાહનોની સ્પીડ ઓછી રહેતી હોય છે.ટ્રાફિક નિષ્ણાંત અમિત ખત્રીનાં કહેવા પ્રમાણે રાજકોટની ભૌગોલીક સ્થિતિને કારણે જીવલેણ અકસ્માતોનું પ્રમાણ વધે છે નાના ઉદ્યોગોનું હબ હોવાથી દ્વિચક્રી વાહનો વધુ છે. ઉપરાંત ગોંડા, જામનગર, મોરબી, કચ્છ અને અમદાવાદ એમ ચારેય તરફના હાઈવેને જોડે છે.

મોટાભાગનાં અકસ્માતોમાં રાહદારી તથા ટુ-વ્હીલર ચાલકોનો ભોગ લેવાય છે. મુંબઈ, પુના તથા કોલકતા જેવા શહેરોમાં ટ્રાફીક શિસ્તનું કારણ ઓછા જીવલેણ અકસ્માતોમાં ભાગ ભજવે છે.

# કંડલામાં બુલડોઝર ફેરવી ૪૦૦ કરોડની જમીન ખુલ્લી કરાવાઇ

## ૧૫૦ એકર જમીન પર ૫૦ વર્ષથી બંધાયેલા ૬૦૦ જેટલાં કાચા-પાકા દબાણો તંત્રએ એક ઝાટકે હટાવ્યાં

**મુખ્ય સમાચાર,કંડલા**
દેશ-વિદેશમાં જાણીતા કંડલા પોર્ટ આસપાસ દીનદયાળ પોર્ટ ઓથોરિટી દ્વારા દબાણ હટાવવાની કામગીરી કરવામાં આવી હતી. ૫૦ વર્ષથી ઊભા થયેલા ગેરકાયદેસર દબાણો પર આખરે પોર્ટ તંત્રએ ગઈકાલે બુલડોઝર ફેરવી દીધું હતું. પોલીસ અને ઈઈજાક્ષના સહયોગથી કચ્છના સૌથી મોટા ડિમોલિશનની કાર્યવાહીથી એક જ દિવસમાં ૬૦૦ જેટલાં કાચાં-પાકાં દબાણો તોડી પડાયાં હતાં. આમ અંદાજે ૪૦૦ કરોડની ૧૫૦ એકર જમીનને દબાણમુકત કરાઈ હતી. આ ડિમોલિશનના પગલે ઝૂંપડપટ્ટીમાં રહેતાં અંદાજે સાડા પાંચેક હજાર લોકોને રાતોરાત ઉચાળા ભરવાનો વારો આવ્યો છે.


કંડલામાં કાયદો અને વ્યવસ્થાને પડકાર આપતા પ્રશ્નો સતત ઊભા થઈ રહ્યા હતા, ત્યારે અહીં ક્રિકમાં સતત વધતાં જતાં ઝૂંપડાઓ અને દબાણો એક મોટો પ્રશ્ન દશકાઓથી બનેલો હતો. વારંવાર તેમને અહીંથી હટી જવા માટે જાણ કરાઈ હતી, પરંતુ કોઈ કાર્યવાહી થઈ નહોતી, ત્યારે વર્ષોથી આ પ્રશ્ન અટકેલો હતો. ત્યારે નવા કંડલાના બન્ના વિસ્તાર ઉપરાંત જૂના કંડલાના ઈફકો ઝૂંપડા તરીકે ઓળખાતા વિસ્તારમાં દબાણ હટાવવાની કામગીરી કરાઈ હતી. કંડલામાં દીનદયાળ પોર્ટ ઓથોરિટી દ્વારા સમુદ્રી ખાડીને સમાંતર કોસ્ટલ લેન પર અંદાજે ૧૫૦ એકર જમીન પર ગેરકાયદે બની ગયેલી બન્ના ઝૂંપડપટ્ટીને હટાવવા મેગા ડિમોલિશન ડ્રાઈવ હાથ ધરાઈ હતી.



૧૯૯૮માં આવેલા ભયાનક વાવાઝોડામાં હજારો લોકો મોતને ઘાટ ઊતર્યા ત્યારે પ્રશાસન દ્વારા કંડલામાં રહેણાક માટે જગ્યા ન હોવાનું ઘોષિત કરીને અહીં વસેલી આખી સતાવાર કોલોનીઓ ખાલી કરી તમામને ગાંધીધામ શહેરમાં વસાવ્યા હતા, પરંતુ આ ઝુપડાઓ હટાવી શકાયા નહોતા. ત્યારે ગત ૧લી સપ્ટેમ્બરના પોર્ટ પ્રશાસને દબાણ હટાવો નક્કરતાપૂર્વક કરાશે તેવી ચીમકી અને નોટિસ તમામને આપવામાં આવી હતી. ગઈકાલે દબાણ હટાવોના એક દિવસ પહેલાં પણ આગેવાનોએ કરેલા સંપર્કોમાં આ અંગે સ્પષ્ટતા કરાઈ હતી.

# મુંબઈમાં વર્લી સ્થિત ટાઈમ્સ ટાવરમાં ભયાનક આગ

- ૧૪ માળની ઈમારતમાં ત્રીજાથી સાતમા માળ સુધી આગ ફેલાઇ



**મુખ્ય સમાચાર,મુંબઈ**
મુંબઈમાં વર્લી સ્થિત ટાઈમ્સ ટાવર પર આજે સવારે લાગેલી ભીષણ આગમાં આ ૧૪ માળની ઈમારતમાં અનેક લોકો ફસાયા હોવાની શંકા છે. હજુ સુધી કોઈ જાનહાનીના અહેવાલ નથી.

સવારે ૬.૩૦ કલાકે આ આગ લાગી હતી. જેના પર કાબુ કરવા ફાયર બ્રિગેડના આઠ ફાયર ફાઈટર ઝઝુમી રહ્યા છે. લોઅર પરાલમાં કમલા મીલ કમ્પાઉન્ડમાં આવેલા ટાઈમ્સ ટાવરમાં આ આગ લાગી હતી. જે પ્રારંભમાં અત્યંત ભયંકર નજરે ચડતી હતી.

જોકે આ ઈમારતમાં સામાન્ય રીતે રાત્રી બાદ કોઈ રહેતા નથી પરંતુ ચોકીદાર સહિતના લોકો અંદર હોવાનું માનવામાં આવે છે અને તેના કારણે ફાયર બ્રિગેડે મોટુ ઓપરેશન હાથ ધર્યુ છે.

આ આગને મેજર કોલ તરીકે જાહેર કરાયો છે અને આસપાસના અન્ય ફાયર બ્રિગેડને પણ સહાયતા માટે બોલાવવામાં આવ્યા છે.

૧૪ માળની ઈમારતમાં ત્રીજાથી સાતમા માળ સુધી આગના લબકારા અને ધુમાડા ફેલાયા છે અને કમલા મીલ કમ્પાઉન્ડમાં ૨૦૧૭માં જ આ પ્રમાણે એક આગમાં ૧૪ લોકો માર્યા ગયા હતા અને તે ઘટનાની યાદ તાજા થઈ છે.

# સંસદીય સમિતિએ સેબીના ચેરમેનને સમન્સ કરવા નિર્ણય લીધો હોવાના સંકેત

## રેગ્યુલેટરીમાં આંતરિક રીતે વિખવાદ ઉપરાંત સેબીમાં કાર્યકાળ દરમ્યાન અન્ય કોર્પોરેટ ગૃહોમાંથી પણ લાભ મેળવ્યા અંગેના આક્ષેપોની તપાસ થશે

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**
હિડનબર્ગ અને અદાણીના ક્રોસ ફાયરમાં ઝડપાઈ ગયેલા સિક્યુરીટી એકસચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા (સેબી)ના વડા માધબી પૂરી બુચ સામે થયેલા આક્ષેપોએ ગંભીર વળાંક લીધો છે અને સંસદીય સમિતિએ સેબીના ચેરમેનને સમન્સ કરવા નિર્ણય લીધો હોવાના સંકેત છે.

માધબીએ સેબીના હોલ ટાઈમ ડિરેકટર અને ચેરમેન તરીકે કામ કરતા સમયે પણ ખાનગી કોર્પોરેટ ગૃહો પાસેથી પગાર મેળવ્યો હતો અને તેમના પતિની કંપનીને પણ ફાયદો થાય તે રીતે નિર્ણયો લીધા હોવાનું બહાર આવ્યું છે.

આ ઉપરાંત અગાઉ આઈસીઆઈસીઆઈ બેંકના સીઈઓ ચંદા કોચર જે પણ ભ્રષ્ટાચારના આરોપનો સામનો કરી રહ્યા છે તેની સાથે તેમની સાંઠગાંઠ હોવાનું પણ બહાર આવ્યું છે અને સેબીમાંથી પણ માધબીના અધિકારીઓ સાથેના વર્તન અંગે પણ સવાલ ઉઠયા છે અને બે દિવસ પહેલા જ સેબીના ૫૦૦થી વધુ અધિકારીઓએ દેખાવો કરીને માધબી પૂરી બુચ સામે અનેક આક્ષેપો કર્યા છે. નાણામંત્રાલયને એક પત્ર પણ લખ્યો છે અને હવે સંસદની જાહેર હિસાબ કમીટીએ કે જે જાહેર સાહસો અને સરકારી રેગ્યુલેટરીના કામકાજ અંગે સતત નજર રાખે છે તેના દ્વારા સેબીના વડા અને અન્ય અધિકારીઓને સમન્સ કરવામાં આવે તેવી શકયતા છે અને ચાલુ માસના અંત સુધીમાં માધબી પૂરી બુચને સંસદીય જાહેર હિસાબ સમિતિ સમક્ષ હાજર થવું પડશે.



કોંગ્રેસના વરિષ્ઠ નેતા કે.સી.વેણુગોપાલ કે જે આ સંસદીય સમિતિના વડા છે. તેઓએ જાહેર કર્યુ હતું કે અનેક સભ્યોએ આ રેગ્યુલેટરી બોડીના કામકાજની તપાસની માંગણી કરી છે અને કુલ ૧૬૦ મુદ્દાઓ તારવામાં આવ્યા છે. તા.૨૯ના રોજ સંસદની જાહેર હિસાબ સમિતિની પ્રથમ બેઠક છે.

માધબી પૂરી બુચએ અગાઉ અદાણી હિડનબર્ગ વિવાદમાં પણ અદાણીને બચાવવા પ્રયત્ન કર્યો હોવાનો આક્ષેપ થયો હતો અને હાલમાં ઝી ગ્રુપના વડા સુભાષા ચંદ્રાએ પણ માધબી પૂરી બુચ ભ્રષ્ટાચાર હોવાનો ખુલ્લેઆમ આક્ષેપ કર્યો હતો.

# મણિપુરમાં સ્થિતિ હજુ પણ મુશ્કેલ, સુરક્ષાની કોઈ ગેરંટી નથીઃ RSS મોહન ભાગવત

- મણીપુર હિંસા પર સંઘ વડાનું પ્રથમ વખત નિવેદન

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**
રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (આરએસએસ)ના વડા મોહન ભાગવતે ગુરુવારે જણાવ્યું હતું કે, મણિપુરમાં સ્થિતિ હજુ પણ મુશ્કેલ છે. સ્થાનિક લોકો તેમની સુરક્ષાને લઈને ચિંતિત છે. જે લોકો ત્યાં વેપાર કે સામાજિક સેવા માટે જાય છે તેમના માટે વાતાવરણ વધુ પડકારજનક છે.

તેમણે કહ્યું- આ બધું હોવા છતાં, સંઘ કાર્યકર્તાઓ બંને જૂથો (કુકી અને મીતેઈ) ને મદદ કરવા અને વાતાવરણને સામાન્ય બનાવવાનો પ્રયાસ કરી રહ્યા છે. કામદારો ન તો ત્યાંથી ભાગ્યા કે ન તો નિષ્ક્રિય બેસી રહ્યા. તેઓ જીવનને સામાન્ય બનાવવા, ગુસ્સો ઘટાડવા અને રાષ્ટ્રીય એકતાની લાગણી વધારવા માટે કામ કરી રહ્યા છે.

મોહન ભાગવત શંકર દિનકર કાણેની ૧૦૦મી જન્મજયંતિ પર એક કાર્યક્રમ માટે પૂણે પહોંચ્યા હતા. અહીં તેમણે લગભગ ૫ કલાકનું ભાષણ આપ્યું હતું. ભાગવતે કહ્યું- શંકર દિનકર ૧૯૭૧ સુધી મણિપુરમાં બાળકોને શિક્ષિત કરવાના અભિયાનમાં રોકાયેલા હતા. તમામ પડકારો અને સુરક્ષાની કોઈ ગેરંટી હોવા છતાં, સંગઠનના કાર્યકરો સંઘર્ષગ્રસ્ત ઉત્તર-પૂર્વીય રાજ્ય મણિપુરમાં અડગ ઊભા છે.

ભાગવતે કહ્યું- NGO મણિપુરમાં બધું સંભાળી શકે નહીં. યુનિયન પરિસ્થિતિને સુધારવા માટે તમામ શક્ય પ્રયાસો કરી રહ્યું છે. સંઘ તમામ પક્ષો સાથે વાત કરી રહ્યું છે. સ્વયંસેવકોએ લોકોનો વિશ્વાસ મેળવ્યો છે. સ્થાનિક લોકો વર્ષોથી સંઘનું કામ જોતા આવ્યા છે, તેથી તેમને તેમાં વિશ્વાસ છે. ભાગવતે કહ્યું- લગભગ ૪૦ વર્ષ પહેલા અહીં (મણિપુર) સ્થિતિ ખરાબ હતી. આ હોવા છતાં, લોકો રહ્યા, કામ કર્યું અને પરિસ્થિતિને બદલવામાં મદદ કરી. સંઘના સ્વયંસેવકો અને પ્રચારકો સતત મણિપુરની મુલાકાત લઈ રહ્યા છે. તેમણે વિસ્તારનો એક ભાગ બનીને પરિવર્તન લાવવાનું કામ કર્યું.



ભારત વિશે જે સ્વપન જોવામાં આવ્યું છે તેને સાકાર કરવામાં હજુ બે પેઢીનો સમય લાગશે. રસ્તામાં આપણને એવા લોકો તરફથી અવરોધોનો સામનો કરવો પડશે જેઓ ભારતના ઉદયની ઈર્ષ્યા કરે છે. આપણે આ અવરોધોને દૂર કરીને આગળ વધવું જોઈએ.

# ભારતમાં વર્ષ ૨૦૩૬ માં બાળકો - કિશોરોની વસ્તી ઘટી જશે : વૃદ્ધોની જનસંખ્યા વધશે

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**
આગામી દોઢ દાયકામાં દેશની વસ્તીનાં માળખામાં મોટો ફેરફાર જોવા મળી શકે છે. આંકડા મંત્રાલયનાં નમેન એન્ડ વીમેનથરિપોર્ટમાં આ ખુલાસો થયો છે. રિપોર્ટ અનુસાર આ ખુલાસો થયો છે.રિપોર્ટ મુજબ ૨૦૩૬ સુધીમાં બાળકો અને કિશોરોની વસ્તીમાં સૌથી મોટો ઘટાડો આવશે.જયારે વરિષ્ઠ અને મધ્યમ વયના લોકોની સંખ્યા વધશે.

રિપોર્ટ અનુસાર ૨૦૨૧ માં વસ્તીમાં ૧૫ વર્ષથી ઓછી વયના લોકોની ભાગીદારી ૨૬.૨ ટકા હતી. પરંતુ ૨૦૨૬ માં તેમાં ૫.૬ ટકાનો ઘટાડો થઈ જશે અને તે ઘટીને ૨૦.૬ ટકા રહી જશે.કોઈ આયુ વર્ગમાં આ ત્યારથી સૌથી મોટો ઘટાડો હશે. આ પ્રકારે જો મધ્ય આયુ વર્ગને જોઈએ તો ૨૦૨૧ માં ૩૫-૩૬ આયુ વર્ગની વસ્તીમાં ભાગીદારી ૧૯.૧ ટકા છે.



પરંતુ ૨૦૨૬ માં આ આયુ વર્ગનાં લોકોની ટકાવારી વધીને ૨૩ ટકા થઈ જશે.મતલબ મધ્ય આયુ વર્ગમાં ૩.૯ ટકાનો વધારો થશે. ત્રીજો મોટો ફેરફાર વરિષ્ઠોની વસ્તીને લઈને જોવા મળી શકે છે. હાલના સમયમાં ૬૦ વર્ષથી વધુ વયના લોકોની ટકાવારી ૯.૫ ટકા છે. જેમાં ૪.૪ ટકાના વધારાનું આકલન કરવામાં આવ્યુ છે. ૨૦૩૬ માં વરિષ્ઠોની વસ્તી વધીને ૧૩.૯ ટકા થઈ જશે.

રિપોર્ટ મુજબ વસ્તીનાં માળખામાં આવેલા આ ફેરફાર છતાં ૨૦૩૬ માં કીમકરની આયુ વર્ગનાં લોકોની સંખ્યામાં વધારો થશે. કામકરજી આયુ વર્ગ ૧૫-૫૯ વર્ષ માનવામાં આવે છે. વસ્તી પર બનેલ ટેકનીકલ સમુહનાં અનુમાન મુજબ ૨૦૧૧ માં કામકાજી આયુ વર્ગના લોકોની સંખ્યા ૬૦.૭ ટકા હતી જે ૨૦૩૬ માં વધીને ૬૪.૯ ટકા થઈ જશે. તેમાં ૪.૨ ટકાના વધારાનું અનુમાન છે.

# ચોમાસાની ઈફેકટ : વાહન વેંચાણ ઘટયુ

## ઓગસ્ટમાં વેચાણમાં ૪.૫૩ ટકાનો ઘટાડોઃ ભારે વાહનોમાં વધુ અસર


**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**
ઓટો વિક્રેતા પેસેન્જર વિહિકલ ના વેચાણમાં ઓગસ્ટમાં ૩.૪૬ ટકા અને વાર્ષિક ધોરણે ૪.૫૩ ટકાનો ઘટાડો થયો છે. ફેડરેશન ઓફ ઓટોમોબાઈલ ડીલર્સ એસોસિએશન (FADA) અનુસાર, ઓગસ્ટમાં ૩૦૯૦૫૩ ૬ટતનું વેચાણ થયું હતું, જ્યારે ૨૦૨૩ માં ૩૨૩૭૨૦ ૬ટતનું વેચાણ થયું હતું કુલ રૂ. ૭૭૮૦૦ કરોડના ૭૮૦૦૦૦ વાહનો હતાં.

ટ્રેક્ટર અને કોમર્શિયલ વ્હીકલના વેચાણમાં ૧૧.૩૯ ટકાનો ઘટાડો થયો છે, ટુ-વ્હીલર અને થ્રી-વ્હીલરમાં ૬.૨૮ ટકા અને ૧.૬૩ ટકાનો વધારો થયો છે. ભારતના ઓટોમોબાઈલ રિટેલ માર્કેટે ઓગસ્ટમાં વાર્ષિક ધોરણે ૨.૮૮ ટકાની વૃદ્ધિ કરી હતી.

FADAના પ્રમુખ મનીષ રાજ સિંઘાનિયાએ જણાવ્યું હતું કે, નસ્રઅતિશય વરસાદે ગ્રામીણ બજારને અસર કરી છે, જેના પરિણામે વેચાણમાં ઘટાડો થયો છે. અમને ઓટો રિટેલ વેચાણમાં કુલ ૬ ટકાનો ઘટાડો થવાની અપેક્ષા છે.

ભારે વરસાદ અને પૂરને કારણે ટુ-વ્હીલર માર્કેટમાં મહિને દર મહિને ૭.૨૯ ટકાનો ઘટાડો થયો હતો, પરંતુ વાર્ષિક ધોરણે ૬.૨૮ ટકાનો વધારો થયો હતો. માર્કેટ લીડર્સ હીરો મોટોકોર્પે ૩૫૮૬૧૬ યુનિટનું વેચાણ અને હોન્ડા મોટરસાઈકલ એન્ડ સ્કૂટર ઈન્ડિયા ૩૫૨૬૦૫ યુનિટનું વેચાણ કર્યુ હતું. બંને વચ્ચે વેચાણનો તફાવત નજીવો હતો.

સિંઘાનિયાએ જણાવ્યું હતું કે, નસ્રઘણાં ગ્રાહકોએ નવી પ્રોડક્ટ લોન્ચ થવાની અપેક્ષાએ ખરીદી મોકૂફ રાખી હતી, જ્યારે અન્ય લોકોએ બજારની સંતૃપ્તિ અને બદલાતી પસંદગીઓને કારણે મુલતવી રાખી હતી.



સિંઘાનિયાએ જણાવ્યું હતું કે તહેવારોની સિઝનના આગમન સાથે પણ, ગ્રાહકોએ ખરીદીમાં વિલંબ કર્યો છે, સતત ભારે વરસાદને કારણે બજાર નોંધપાત્ર દબાણ હેઠળ છે. ઈન્વેન્ટરીનું સ્તર ભયજનક સ્તરે પહોંચી ગયું છે.

પરિસ્થિતિ પર પ્રતિક્રિયા આપવાને બદલે, ૬ટ ઘઊખ એ વધારો કર્યો છે. ડીલરોને મહિના-દર-મહિનાના ધોરણે મોકલવાનું ચાલુ રાખે છે, જે સમસ્યામાં વધારો કરે છે,


FADAએ બેંકો અને નોન-બેંકિંગ ફાઈનાન્શિયલ કંપનીઓને વધુ પડતી ઈન્વેન્ટરી ધરાવતાં ડીલરોને આપવામાં આવતાં ભંડોળને નિયંત્રિત કરવા વિનંતી કરી હતી.

FADA એ કહ્યું કે વેપારીઓએ પણ તેમની સપ્લાય વ્યૂહરચનાઓને ફરીથી ગોઠવવી જોઈએ, અન્યથા આ ઈન્વેન્ટરી ઓવરલોડથી ઉદ્યોગને સંભવિત સમસ્યાઓનો સામનો કરવો પડશે

# ઈતિહાસ માં સૌપ્રથમ વખત જોવા મળ્યા કાળા તેતર પક્ષી

**મુખ્ય સમાચાર,જામનગર**

ગુજરાતમાં માત્ર કચ્છમાં જ જોવા મળતા પક્ષી જામનગરમાં જોવા મળતા પક્ષીપ્રેમીઓમાં અનેરો ઉત્સાહ.જામનગર : પક્ષી જગત એક અલગ જ દુનિયા છે, માત્ર ભારત માંજ ૧૨૦૦ કરતા વધુ પ્રકારના નાના-મોટા અને રંગબેરંગી પક્ષીઓ જોવા મળે છે, જામનગર પક્ષીઓ માટે સ્વર્ગ કહેવામાં આવે છે અહીં દર વર્ષે પક્ષી જગત માટે કંઈક નવું જાણવા જોવા મળે છે, આ વર્ષે પણ બ્લેક ફ્રેંકોલીન એટલે કે કાળા તેતર અહીં જોવા મળ્યા જે અનોખી ઘટના છે.જામનગરના પક્ષી પ્રેમી અને વાઈલ્ડલાઈફ ફોટોગ્રાફર યશોધનભાઈ ભાટિયા,આશિષ પાણખાણીયા અને હિરેન ખમભાયતા સમાણા વિસ્તારમાં પક્ષી નિરીક્ષણ કરવા ગયા હતા તે દરમિયાન તેવો ને બ્લેક ફ્રેંકોલીન એટલેકે કાળો તેતર પક્ષી ના અવાઝ સાંભળવા મળ્યા સામાન્ય રીતે આ પક્ષી ગુજરાત ના કચ્છ સિવાય કોઈ જગ્યા એ નોંધ થયું નથી એટલે આ કાળા તેતર નો અવાઝ સાંભળી આ પક્ષી વિદો ચોંકી ઉઠ્યા હતા. કાળા તેતર નો અવાઝ ખટિયા વિડી વિસ્તારમાં સાંભળવા મળતા પક્ષીવિદો આ જ પક્ષી છે કે તે નહીં તે સાબિત કરવા કલાકો સુધી વિડી વિસ્તારમાં કેમેરા અને બાયનોક્યુલર લઈ ફરી વળ્યાં અને તેવોના આશ્ચર્ય વચ્ચે તેમને ૬ થી વધુ કાળા તેતર જોવા મળ્યા હતા.વર્ષો પૂર્વે જામસાહેબ રણજીત સિંહજી દવારાઆ જ વિસ્તારમાં કાળાતેતર ની ૫૦૦ પેર બહારથી લાવી છોડવામાં આવી હતી પરંતુ કોઈ કારણોસર પાંચ વર્ષમાં અહીઆ પ્રજાતિ ફરી લૂપત થી ગઈ હતી પણ..., આજે વર્ષો બાદ જામનગરમાં સમગ્ર ગુજરાતમાં કચ્છ



બાદ પ્રથમ વખત કાળો તેતર પક્ષી જોવા મળ્યું તેનો આનંદ તો આ ત્રણ પક્ષી પ્રેમીઓને હતો જ પણ પચરંગી તેતર અને કાળો તેતર બંને એક જ જગ્યા એ જોવા મળ્યા જેનોં હજું સુધી કોઈ સાયન્ટિફિક રેકર્ડ નથી જે જામનગર માં બન્યો. જામનગરના ખટિયા વિડી માં કાળા તેતર જોવા મળતા જામનગર અને સમગ્ર ગુજરાતના પક્ષી પ્રેમીઓ માં એક રોમાંચ જોવા મળી રહ્યો છે અને આ ઘટના અંગે અન્ય પક્ષી સંસ્થાઓ અને વેબસાઈડ માં પણ જાણ કરવામાં આવી છે, જામનગર ભુતકાડ માં એશિયન ડોવિચરપક્ષી હોય કે, મ્યુટ સ્વાન હોય, રેડ નોટ કે હમણાં તાજેતરમાં મળીઆવેલ ગીધ પક્ષી હોય જામનગર પક્ષી જગત હમેશાકાઈઅજુગતું અને અનોખુ આપવા દેશ વિદેશમાં પ્રસિદ્ધ થતું આવ્યું છે

# ઉંદરીમાં માલિકીની પિયતની જમીનમાં પવનચક્કીનાં પોલ ઊભા કર્યા

## મંજુરી લીધાં વગર પ્રાઈવેટ કંપની દ્વારા ગેરકાનૂની કૃત્ય કરતા મામલો પોલીસ મથકે પહોંચી ગયો

**મુખ્ય સમાચાર,ગીરગઢડા**

ગીરગઢડા પંથકના ગ્રામિણ ક્ષેત્રોમાં પ્રાઈવેટ કંપની દ્વારા પવન ચક્કી દ્વારા પાવર ઉત્પન્ન કરાય છે કેસરીયા ગામ થી ગીરગઢડા ની હદ સુધી આવેલી ગ્રામપંચાયત તેમજ સરકારી ગૌચરની જમીન અને ખેડૂત ની માલીકી ની જમીન ભાડાપટ્ટે રાખી આ જમીનમાં ભારે ખમ ઊંચી પવન ચક્કી પ્રાઈવેટ કંપની દ્વારા ફીટ કરાયેલ છે આ પાવર સપ્લાય નાં ઈલેક્ટ્રીક પોલ પ્રાઈવેટ માલીક નાં ખેડૂત ની કિંમતી પિયતની જમીન માં આડેધડ રીતે ગેરકાનૂની ફીટ કરી દેવાતાં ખેડૂતો માં ભારે રોષ ફેલાયો છે આ બાબતે રાજ્યના મુખ્યમંત્રી અને જિલ્લા કલેકટર લાગતાં વળગતા અધિકારીઓ ને લેખીત રજુઆત કરવામાં આવી છે સોના બેન ભગવાન સોલંકી ની સ્વતંત્ર માલિકી કબ્જા ભોગવટાની ખેતીની જમીન ગીરગઢડા તાલુકાના ઉંદરી ગામના ખેડ ખાતા નં.૧૧૪, રે.સ.નં.૫૧/પૈકી૧/પૈકી-૧, હે.૨-૨૧-૫૬ ચો.મી. વાળી આવેલી છે.તેમજ નુર



મહંમદ કાળુભાઈ સુમરા ની માલીકી ની ખેતીની જમીન ગામના ખેડ ખાતા નં.૩૦૭, રે.સ.નં.૫૧/પૈકી૧/પૈકી-૨, હે.૧-૦૧-૧૭ ચો.મી. વાળી જમીનમા વાવેતર કરતાં હોય અને પિયત કૃષિ ઉત્પાદન આપતી જમીનમાં પવન ચકી નાં ઈલેક્ટ્રીક પોલ ગેરકાયદેસર રીતે આ જમીન નાં માલીક ને જાણ કર્યા વગર કોઈ પણ પરવાનગી કે સહમંતિ લીધાં વગર રસ્તા નાં ખોદકામ કરી ને ગેરકાનૂની ઉભા કરી દેવાતાં આ બાબતે કંપની નાં કોન્ટ્રાક્ટ એજન્સી અને અધિકારીઓ ને જાણ કરાતાં ઉડાઉ જવાબ આપી ખેડૂતો ને દાદાગીરી થી ડરાવી ધમકાવી થાઈ તે કરી લેવાં જેવાં અશોભિય વર્તન કરતાં આ બાબતે ઉપરોક્ત બન્ને ખેડૂતો એ રાજ્ય નાં મુખ્યમંત્રી તેમજ જિલ્લા તાલુકા નાં તમામ ઊચ્ચ અધિકારી ને લેખિત રજૂઆત કરી પોલ દુર કરવા માગણી કરી છે.

# જામનગરમાં રહેણાંક મકાનમાં આગ ચાંપી રૂ. ૧.૪૫ લાખની રોકડ-ઘર વખરી સળગાવી નાખતા શખ્સો

**મુખ્ય સમાચાર,જામનગર**

જામનગરમાં રહેણાક મકાનમાં આગ ચાંપી રૂ. ૧.૪૫ લાખની રોકડ-ઘર વખરી સળગાવી નાખતા બે શખસ.હાઉસિંગ બોર્ડના મકાનમાં રહેતા પ્રૌઢાના પુત્ર સાથે નાણાની લેતીદેતી મામલે પેટ્રોલ છાંટી દિવાસળી ચાંપી બન્ને ભાગી છુટયા જામનગરમાં મચ્છરનગર હાઉસિંગ બોર્ડ બ્લોક નં.૨૩, રૂમ નં.૨૭૦માં રહેતી જોશનાબેન રમેશભાઈ પાનસુરિયા નામની ૫૦ વર્ષની મહિલાએ પોતાના ઘરમાં ઘૂસી જઈ પેટ્રોલ છાંટી ઘરવખરી સળગાવી નાખવા અંગે તેમજ રૂ.૧.૪૫ લાખની રોકડ સળગાવી નાખવા અંગે ગાંધીનગર વિસ્તારમાં રહેતા હિતરાજસિંહ વિક્રમસિંહ વાળા અને યશપાલસિંહ વાળા નામના બે શખસ સામે ફરિયાદ નોંધાવી છે.પોલીસ ફરિયાદમાં જાહેર થયા મુજબ ફરિયાદી જોશનાબેનના પુત્ર કિશન કે જેને આરોપી સાથે



પૈસાની લેતીદેતીના મામલે મનદુઃખ ચાલતું હતું. જેના કારણે બન્ને શખસો પ્લાસ્ટિકની બોટલમાં પેટ્રોલ લઈને આવ્યા હતા અને તારા પુત્ર પાસે પૈસા લેવાના છે તેમ કહી મહિલા સાથે ઝઘડો કર્યો હતો. ત્યારબાદ મહિલા દ્વારા ઘરમાં પડેલા પલંગના ઓશિકા નીચે એક લાખ ૪૫ હજારની રોકડ રકમ હતી. ઘરમાં પડેલી ઘરવખરી તેમજ અન્ય વસ્તુઓ ઉપર આરોપીઓએ પેટ્રોલ છાંટી દીધું હતું અને દિવાસળી ચાંપી બન્ને નાસી ગયા હતા જેથી ઘરમાં આગ લાગી ગઈ હતી અને તમામ રોકડ રકમ અને ઘરવખરી બળીને ખાખ થઈ ગઈ હતી. પોતે ડરના માર્યા ઘર છોડીને બહાર નીકળી ગયા પછી મહિલાએ પોલીસ સ્ટેશનને જાણ કરતા પોલીસ કાફલો ઘટના સ્થળે દોડી આવ્યો હતો. મહિલાની ફરિયાદના આધારે બન્ને આરોપી સિદ્ધરાજસિંહ તેમજ યશપાલસિંહ સામે ગુનો નોંધી તેની શોધખોળ હાથ ધરી છે. આગના બનાવની ફાયરને જાણ થતા ફાયર બ્રિગેડની ટુકડી પણ ઘટના સ્થળે દોડી ગઈ હતી અને પાણીનો મારો ચલાવી આગને કાબુમાં લઈ લેતા વધુ નુકસાની અટકી હતી.

# મોરબીમાં ડબલ મર્ડરના ગુનામાં ૯ વર્ષથી વોન્ટેડ આરોપીને મધ્યપ્રદેશથી ઝડપી લેવાયો

**મુખ્ય સમાચાર,મોરબી**

મોરબી તાલુકા તથા ચોટીલા પોલીસ મથકમાં વર્ષ ૨૦૧૫ તથા ૨૦૧૬માં નોંધાયેલ બે અલગ અલગ મર્ડરના ગુનામાં છેલ્લા ૯ વર્ષથી નાસતા ફરતા આરોપીને મધ્યપ્રદેશ રાજ્યના જાંબુઆ જીલ્લામાંથી પકડી હસ્તગત કરી મોરબી પેરોલ ફર્લો સ્કવોડ કચેરી લાવી આગળની ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

મોરબી પેરોલ ફર્લો સ્કવોડ પોલીસ ટીમ મોરબી જીલ્લાના નાસતા ફરતા આરોપીઓને શોધી કાઢવા પ્રયત્નશીલ હતા તે દરમ્યાન પેરોલ ફર્લો સ્કવોડના હેડ.કોન્સે. જયેશભાઈ વાઘેલા તથા કોન્સે. બ્રિજેશભાઈ કાસુન્દ્રા, વિક્રમભાઈ રાઠોડને સંયુકતમા ખાનગીરાહે હકિકત મળેલ કે મોરબી તાલુકા પોલીસ મથકમાં વર્ષ ૨૦૧૬ તથા સુરેન્દ્રનગર જીલ્લાના ચોટીલા પોલીસ મથકમાં વર્ષ ૨૦૧૫માં નોંધાયેલ હત્યાના ગુનામાં છેલ્લા ૯ વર્ષથી વોન્ટેડ આરોપી રાજેશ પુજીયા હાલ એમપી રાજ્યના જાંબુઆ



જીલ્લામાં હોવાની હકીક્ત મળી હતી. જેથી તુરંત પેરોલ ફર્લો સ્કવોડની એક ટીમ મળેલ બાતમીની જગ્યાએ રવાના કરી હતી. ઉપરોક્ત મળેલ બાતમી મુજબના સ્થળ ઉપર તપાસ કરતા બે અલગ અલગ મર્ડરના ગુનામાં ૯ વર્ષથી વોન્ટેડ આરોપી રાજેશ પુજીયા ભુરીયા ઉવ.૩૫ રહે. કુશલપુરા ગામ માલ ફળીયુ તા.જી.જાબુંઆ (એમ.પી.) વાળો આઝાદ ચોક જાબુંઆ ગ્રામીણ બેંકની સામેથી મળી આવતા તેની સ્થળ ઉઓરથી અટક કરી મોરબી પેરોલ ફર્લો સ્કવોડની કચેરી ખાતે લાવી આગળની ઘટીત કાર્યવાહી અર્થે મોરબી તાલુકા પોલીસ સ્ટેશનને સોપી આપવામાં આવેલ છે.

# ટંકારામાં રહેણાંકમાંથી વિદેશી દારૂની ૧૧૦ બોટલ સાથે એકને દબોચી લેતી ટંકારા પોલીસ

મોરબી જીલ્લાના ટંકારા ખાતે પોલીસને મળેલ બાતમીને આધારે નગરનાકા વિસ્તારમાં આવેલ રહેણાંક મકાનમાં રેઈડ કરતા વિદેસગી દારૂની અલગ અલગ બ્રાન્ડની ૧૧૦ બોટલ સાથે મજન માલીક એવા એક ઇસમની અટક કરવામાં આવી છે. પ્રાપ્ત માહિતી મુજબ ટંકારા પોલીસ મથકના હેડ કોન્સે. મહિપતસિંહ તથા શાહિદભાઈને બાતમી મળેલ કે નગરનાકા પાસે રહેતો સિકંદર પોતાના રહેણાંકમાં વિદેશી દારૂનો જથ્થો રાખી તેનું વેચાણ કરે છે જે મુજબની બાતમી મળતા તુરંત રહેણાંક મકાને દરોડો પાડતા મકાનમાંથી વિદેશી દારૂની બે અલગ અલગ બ્રાન્ડની કુલ ૧૧૦ નંગ બોટલ જેની કિ.રૂ.૩૭,૪૦૦/-સાથે આરોપી સિકંદરભાઈ રફીકભાઈ ભાણુ ઉવ.૨૭ રહે. ટંકારા નગરનાકા પાસે ની સ્થળ ઉપરથી અટકાયત કરી પ્રોહી.એક્ટ હેઠળ ગુનો દાખલ કરી ધોરણસરની કાર્યવાહી કરવામાં આવી હતી. આ સફળ કામગીરીમાં ટંકારા પોલીસ મથક પીએસઆઇ એમ.જે.ધાધલ તથા એએસઆઈ ચેતનભાઈ કડવાતર, હેડ.કોન્સ મહિપતસિંહ હરીસિંહ સોલંકી, શાહિદભાઈ સીદીકી, કોન્સ બીપીનકુમાર શેરશીયા, કૌશીકભાઈ પેઠડીયા, સીધ્ધરાજસિંહ ઝાલા, દશરથસિંહ જાડેજા, ભાવેશકુમાર વરમોરા સહિતનાઓ જોડાયા હતા.

# મોરબીના ગાંધીચોકમાં નોટનંબરનો જુગાર રમતા બે ઝડપાયા

મોરબી સીટી એ ડિવિઝન પોલીસ ટીમ પેટ્રોલિંગમાં હોય તે દરમિયાન ગાંધીચોક નજીક જાહેર સ્થળ ઉપર ચલણી નોટ નંબરનો જુગાર રમતા ઈન્દ્રીશભાઈ અબ્દુલભાઇ અજમેરી ઉવ.૩૮ રહે.મોરબી કાલિકા પ્લોટ શેરી નં.૧ તથા શબીરભાઈ ઉમરભાઈ કુરેશી ઉવ.૨૨ રહે.મોરબી સિપાઈવાસવાળાને અલગ અલગ ચલણી નોટના રોકડા રૂપિયા ૨,૦૦૦/-સાથે ઝડપી લેવામાં આવ્યા હતા. આ સાથે બંને આરોપીઓ વિરુદ્ધ જુગારધારા હેઠળ કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

# વાંકાનેરના સરતાનપર ગામ નજીક વોકળાના પાણીમાં ડૂબી જતા અજાણ્યા યુવકનું મૃત્યુ

વાંકાનેર તાલુજના સરતાનપર ગામ નજીક એમ્બીટો સીરામીક પાછળ આવેલ પાણી ભરેલા વોકળામાં ગત તા. ૦૪/૦૯ના રોજ કોઈ કારણોસર પાણીમાં પડી ગયેલા અજાણ્યા 30 થી ૩૫ વર્ષના યુવકનું પાણીમાં ડૂબી જતા મોત નીપજ્યું હતું. હાલ મૃતક અજાણ્યા યુવકનો મૃતદેહ પાણીમાંથી કાઢી પીએમ માટે હોસ્પિટલમાં ખસેડવા સહિતની કામગીરી હાથ ધરવામાં આવી છે. ત્યારે મૃત્યુના બનાવ અંગે વાંકાનેર તાલુકા પોલીસે અ.મોતની નોંધ કરી મૃતક અજાણ્યા યુવકના વાલી-વારસની શોધખોળ શરૂ કરી છે.

# ધોરાજીના ભુતવડ ગામના પાટીયા પાસે ૨૫૨ બોટલ દારૂભરેલા ટ્રકમાં બે શખ્સોની ધડપકડ



રાજકોટ પોરબંદર હાઈવે પર ધોરાજી નજીક આવેલા ભુતવડ ગામના પાટીયા પાસે ટ્રકમાં વિદેશી દારૂ ભરીને નીકળેલા બે શખ્સોને પોલીસે દબોચી લઈ ફલ રૂપિયા ૧૧,૭૮ લાખનો મુદ્દા માલ કબ્જે કર્યો છે. આ અંગેની પોલીસ માંથી મળતી માહિતી મુજબ ગ્રામ્ય એલસીબી ટીમના પીઆઇ વીવી વડોદરા ની સુચનાથી એસ.આઈ અનિલભાઈ હેડ કોસ્ટેબલ દિવ્યેશભાઈ સહિતનો સ્ટાફ રાજકોટ પોરબંદર હાઈવે પર પેટ્રોલિંગમાં હતા ત્યારે ચોક્કસ બાતમીના આધારે ધોરાજી પોલીસ સ્ટેશનની હદમાં આવેલ ભૂતવડ ગામના પાટીયા પાસે એક શંકાસ્પદ ટ્રક પસાર થતા પોલીસે તેને અટકાવી તલાસી લેતા ટ્રકમાંથી ૨૫૨ બોટલ વિદેશી દારૂ મળી આવતા ટ્રકનોચાલક હરિયાણા નો બજરંગ રામ ભજન શર્મા અને રવિ ફતેસિંહ બાબુલ સહિત બે શખ્સોની ધરપકડ કરી ટ્રક સહિત ₹ ૧૧,૭૮,૬૪૦ નો મુદ્દામાલ કબજે કર્યો હતો દારૂનો જથ્થો ધોરાજીના મિલન ભરડીયા એ મંગાવીઓની બંને આરોપીએ કબૂલાત આપતા પોલીસે ધોરાજીના મિલન બરડીયા ની શોધખોળ આદરી છે

# જામનગરમાં મંત્રી મુળુભાઈ બેરાના અધ્યક્ષસ્થાને જિલ્લા અને તાલુકા કક્ષાના શ્રેષ્ઠ શિક્ષકોનો સન્માન સમારોહ યોજાયો

**મુખ્ય સમાચાર,જામનગર**

જામનગર દેશના ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ અને મહાન શિક્ષક ડો.સર્વપલ્લી રાધાક્રિશ્નનની યાદમાં શિક્ષક દિવસ મનાવવામાં આવે છે. દરેક ગામ શહેરમાં શિક્ષકોનું ઋણ સ્વીકાર કરવા અને તેમના પ્રત્યે કૃતજ્ઞતાની લાગણી વ્યક્ત કરવા માટે શાળા કોલેજોમાં વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે.

જામનગરમાં નેશનલ હાઈસ્કૂલ ખાતે રાજ્ય સરકારના શિક્ષણ વિભાગ, ગાંધીનગર દ્વારા પ્રેરિત અને જિલ્લા શિક્ષણધિકારીની કચેરી, જામનગર દ્વારા આયોજિત જિલ્લા અને તાલુકા કક્ષાના શ્રેષ્ઠ શિક્ષકોનો સન્માન સમારોહ યોજાયો હતો. જેમાં રાજયના પ્રવાસન, વન અને પર્યાવરણ, ક્લાઈમેટ ચેન્જ વિભાગના કેબિનેટ મંત્રી મુળુભાઈ બેરાના અધ્યક્ષસ્થાને જિલ્લા અને તાલુકા કક્ષાના શ્રેષ્ઠ શિક્ષકો અને વિવિધ ક્ષેત્રમાં સિદ્ધિ મેળવેલા ૧૫ વિદ્યાર્થીઓનું





સન્માન કરવામાં આવ્યું હતું.કાર્યક્રમમાં કેબિનેટ મંત્રીએ જણાવ્યું હતું કે, તત્કાલીન મુખ્યમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતમાં નવી શિક્ષણ નીતિનો પાયો નાખ્યો હતો. બાળકોને માત્ર વર્ગખડમાં જ શિક્ષણ આપવું પ્રર્યાપ્ત નથી. પરંતુ તેમને વર્ગખંડની બહાર પ્રત્યક્ષ અને પરોક્ષ શિક્ષણ મળે તે પણ આવશ્યક છે. શિક્ષકો સમાજના ઉત્થાન માટે કામ કરે છે તેથી તેઓ વ્યક્તિ વિશેષ છે. રાજ્યમાં આજે ૫ મી સપ્ટેમ્બરના દિવસે શિક્ષકોનું ઋણ સ્વીકાર કરવા માટે અનેકવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. જિલ્લા વહીવટી તંત્રના કોઈપણ કામમાં હંમેશા શિક્ષકોએ સાથ સહકાર આપ્યો છે. તાજેતરમાં જામનગર જિલ્લામાં અતિવૃષ્ટિની દુર્ઘટના પછી બચાવ કાર્ય સહિતની કામગીરીમાં શિક્ષક મિત્રોનો ફાળો મહત્વપૂર્ણ રહ્યો છે. સમાજના મહાન વ્યક્તિઓના ઘડતર પાછળ શિક્ષકોનું અમૂલ્ય યોગદાન રહેલું છે.

કાર્યક્રમમાં ધારાસભ્ય મેઘજીભાઈ ચાવડાએ જણાવ્યું હતું કે, જેમ એક કુંભાર માટીને ટીપી ટીપીને તેને ઘડો બનાવે છે. તેમ એક શિક્ષક કોરી પાટી સમાન બાળકમાં સંસ્કારનું સિંચન કરે છે. તેને સામાન્યથી અસામાન્ય સુધીની યાત્રાનો રાહ એક શિક્ષક જ ચીંધી શકે છે. તત્કાલીન મુખ્યમંત્રી નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શનમાં રાજ્યમાં કન્યા કેળવણી મહોત્સવ, ગુણોત્સવ, વાંચે ગુજરાત અને શાળા પ્રવેશોત્સવની શરૂઆત કરવામાં આવી હતી. આજે તેના સુખદ પરિણામો રાજ્યના અનેક બાળકોને મળ્યા છે અને તેઓ સમાજમાં પોતાનું અમૂલ્ય યોગદાન આપી રહ્યા છે.કાર્યક્રમમાં જિલ્લા કક્ષાના શ્રેષ્ઠ શિક્ષક ભાવેશભાઈ પનારા, તાલુકા કક્ષાના શ્રેષ્ઠ શિક્ષક દીપકભાઈ ધારવીયા અને રાજેન્દ્રસિંહ ઝાલાનું શાલ ઓઢાડી અને પ્રમાણપત્ર, સન્માન રાશિ અર્પણ કરી તેમનું સન્માન કરવામાં આવ્યું હતું.

# યુવતીના ફોટા વાયરલ કરવાની ધમકી આપનાર યુવકને જામનગર ૧૮૧ અભયમની ટીમે કાયદાનું ભાન કરાવ્યું

મુખ્ય સમાચાર,જામનગર

જામનગર, ૧૮૧ અભયમ મહિલા હેલ્પ લાઈન મહિલાઓ માટે ખરા અર્થમાં આશીર્વાદરૂપ સાબિત થઈ રહી છે. જેની મદદથી જામનગરની વધુ એક પીડિતાને મદદ મળી છે.જામનગરની એક યુવતી દ્વારા ૧૮૧માં ફોન કરી જણાવ્યું હતું કે એક વર્ષ પહેલા તેણી એક યુવક સાથે પ્રેમ સંબંધમાં જોડાયેલ હતી. બાદમાં પીડિતાએ સંબંધ ટૂંકાવી નાખતા યુવકે સબંધ રાખવાનું કહેતાં તેણીએ ના કહેતા યુવકે ધમકી આપતા કહ્યું હતુ કે તારા પરિવારને તથા સોશિયલ મીડિયા પર ફોટા વિડિયો વાયરલ કરીશ. અને બ્લેકમેઈલ કરી ડી. કે. વી. સર્કલ પાસે મળવા બોલાવી હતી.

પરંતુ યુવતીએ ૧૮૧ મહિલા હેલ્પલાઈનની મદદ માગી હોવાથી જામનગર અભયમની ટીમના કાઉન્સેલર શીતલબેન સોલંકી, પોલીસ કોન્સ્ટેબલ ગીતાબેન ધારવીયા તેમજ પાયલોટ સુરજીતસિંહ વાઘેલા ઘટના સ્થળ પર પહોંચી યુવતીને આશ્વાસન આપી કુશળ કાઉન્સેલિંગ કરેલ ત્યારે તેણીએ જણાવેલ કે તેમને હવે યુવક સાથે કોઈ સંબંધ રાખવા નથી છતાં યુવક જબરદસ્તી સંબંધ રાખવા દબાણ કરે છે. અને પીડિતા દ્વારાના પાડતા ફોટા વિડિયો ફ્રેન્ડ તેમજ ફેમિલીને અને સોશિયલ મીડિયામાં વાયરલ કરવાની ધમકી આપે છે.

યુવતી જ્યારે યુવકને મળવા ગયેલ ત્યારે ૧૮૧ અભયમ ટીમ દ્વારા યોગ્ય નિર્ણય લઈ રેસ્ક્યુ વાન દૂર ઊભી રાખી ટીમ અલગ અલગ સ્થળ પર ગોઠવાઈ ગયેલ અને યુવક સ્થળ પર પહોંચતા જ તેને પકડી પડ્યો હતો. અને કડક શબ્દોમાં કાયદાકીય સમજણ આપી તેના ફોન માંથી ફોટો વિડિયો ડીલીટ કરાવેલ અને ભવિષ્યમાં ક્યારેય યુવતીને હેરાન ન કરવા સૂચન કરેલ.બાદમાં યુવકે પોતાની ભૂલ સ્વીકારી ભવિષ્યમાં યુવતીને હેરાન નહીં તેવી ખાતરી આપેલ અને નંબર ડિલીટ કરી પોતાની ભૂલ સ્વીકારી માફી માગી હતી.

પીડિતા આગળ કોઈ કાર્યવાહી કરવા ઈચ્છતા ન હોવાથી સમસ્યાનું સ્થળ પરજ નિરાકરણ આવ્યુ હતું.અભયમની ટીમ દ્વારા કરવામાં આવેલ ત્વરિત અસરકારક કામગીરીને બિરદાવી યુવતીએ સમગ્ર ટીમનો આભાર માન્યો હતો.

# જામનગરમાં ૧૧ લાખની ચોરીનો ભેદ ઉકેલી આરોપીને ઝડપી પડતી એલસીબી





**મુખ્ય સમાચાર,જામનગર**

જામનગર શહેરમા ૧૧ લાખ રૂપીયાની ઘરફોડ ચોરીનો ભેદ ઊકેલી મુદામાલ સાથે આરોપીને જામનગર-લોકલ ક્રાઈમ બ્રાન્ચ દ્વારા ઝડપી લેવાયો છે. બનાવની વિગત જોઈએ તો ફરિયાદી રમેશભાઈ ભગવાનજીભાઈ કુંડલીયા ઉવ.૬૪ ધંધો શીવમ પ્રેટ્રોલપ પંપ રહે.જામનગર આરાધના સોસાયટી.વી.માર્ટ પાછળ જામનગર દ્વારા તેઓ પરિવારના સભ્યો ગોવા મુકામે ફરવા ગયેલ, ત્યારે કોઈ અજાણ્યા ઈસમે રહેણાક મકાનમા પ્રવેશ કરી, રોકડ રૂપીયા ૧૧,૦૦,૦૦૦ની ઘરફોડ ચોરીનો બનાવ વણશોધાયેલ હતો,

પોલીસ મહાનિરીક્ષક, રાજકોટ વિભાગ રાજકોટ, અશોકકુમાર નાઓએ ઘરફોડ ચોરીનો ગુનો શોધી કાઢવા સુચના કરેલ હોય, જેથી પોલીસ અધિક્ષક પ્રેમસુખ ડેલૂના માર્ગદર્શન હેઠળ એલ.સી.બી.ના પીઆઈ વી.એમ. લગારીયા તથા પીએસઆઈ પી.એન.મોરી તથા એલ.સી.બી.સ્ટાફના માણસો,સાથો સાથ ટેકનીકલ સેલ તથા હ્યુમન રીસોર્સનો ઉપયોગ કરી, વણશોધાયેલ ચોરીનો ગૂનો શોધી કાઢવા કાર્યરત થયા હતા.

આ દરમ્યાન એલ.સી.બી.સ્ટાફના કર્મીઓને સંયુકત રીતે અંગત વિશ્વાસુ બાતમીદારોથી હકિકત મળેલ કે, અગાઉ ઘરફોડ ચોરીના ગુનામા પકડાયેલ ઈસમ લખમણભાઈ માડણભાઈ અશ્વાર રહે.પીપરીયા ગામ વાળો, ચોરીમા સંડોવાયેલ છે અને મજકુર હાલે જામનગર શહેરમા સમર્પણ સર્કલ આગળ સ્વામીનારાયણ મંદિર સામે રોડ ઉપર ઉભેલ છે. જે હકિકત આધારે આરોપી લખમણભાઈ માડણભાઈ અશ્વારને અલગ અલગ દરની ચલણી નોટ રોકડ ૧૧,૦૦,૦૦૦રૂપીયા કબ્જે કરી, મજકુર ઈસમ વિરૂધ્ધ. એ.એસ.આઈ દિલીપભાઈ એન.તલવાડીયાએ કાયદેસર કાર્યવાહી કરી છે.

# રાજુલા શહેરમાં વિવિધ શાળાઓમાં શીક્ષક દિનની ભવ્ય ઉજવણી કરાઈ



૫ સપ્ટેમ્બર એટલે વિશ્વ શિક્ષક દિન તરીકેની ઉજવણી કરવામા આવે છે. ડો.સર્વપલલી રાધાકૃષ્ણના જન્મદિવસ નિમિતે શિક્ષક દિનની શાળાઓમાં ઉજવણી કરાઈ છે. ત્યારે રાજુલા શહેરમાં પણ વિવિધ શાળાઓમાં શિક્ષક દિનની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. જેમા કાન્હા વિશ્વ વિધાલય, નોબલ વર્લ્ડ સ્કુલ, બાલક્રિષ્ના વિદ્યાપીઠ, ઓમ ગ્રુપ ઓફ સ્કુલ, સરસ્વતી વિધાલય, બાલક્રિષ્ના વિધાપીઠ સહિત વિવિધ શાળાના વિધાર્થીઓએ એક દિવસીય શિક્ષક બનીને શિક્ષકનો રોલ ભજવ્યો હતો. અને શિક્ષકોનો યથાક પરિશ્રમ શુ હોય છે તેને સમજયા હતાં. આ સાથે વિધાર્થી ભાઈઓ-બહેનોમાં પણ એક દિવસીય શિક્ષક બનીને ખૂબજ ઉત્સાહ અને આનંદ જોવા મળ્યો હતો

# રાજકોટમાં ખાડા ખબડાઓથી લોકો પરેશાનઃ વગડ ચોકડી પાસે 'ખાડા બૂરો મદદ સદસ્યતા અભિયાનના લાગ્યા પોસ્ટર'






(તસ્વીરઃ આનંદ જાવિયા)

**મુખ્ય સમાચાર,રાજકોટ**

ભારે વરસાદના પગલે રાજ્યભરમાં રોડ-રસ્તાની હાલત બિસ્માર થઈ છે. રાજકોટ શહેરમાં પણ અનેક વિસ્તારોમાં ખાડાઓ પડતાં સ્થાનિકો પરેશાન થયાં છે. ત્યારે શહેરની વગડ ચોકડી આસપાસ રહેતા રહિશો દ્વારા અનોખી રીતે રોષ વ્યક્ત કરવામાં આવ્યો છે. સ્થાનિકો દ્વારા ખાડા બૂરો મદદ સદસ્યતા અભિયાનના પોસ્ટર પાણી ભરેલા ખાડામાં લગાવવામાં આવ્યા છે.

સ્થાનિકોનું કહેવું છે કે માત્ર એક ઈંચ વરસાદમાં જ વગડ ચોકડી ખાતે વરસાદી પાણી ગોઠણ સમા ભરાઈ જાય છે. તેમજ અહીંયા ખાડા એટલા છે કે રસ્તાઓ શોધવા પડે તે પ્રકારની પરિસ્થિતિનું નિર્માણ થયું છે. ઠેર ઠેર ખાડારાજ થવાના કારણે અહીંના લોકોને પારાવાર મુશ્કેલીનો સામનો કરવો પડે છે. અહીંયાથી ઔદ્યોગિક વિસ્તાર તરફ જવાનો રસ્તો છે જેના કારણે પણ અહીંયા મસ મોટા ખાડા પડયા છે.

મહાનગરપાલિકામાં અનેક વખત ફરિયાદ કરવા છતાં હજુ પણ કોઈ નિવેડો નથી આવ્યો. જ્યારે જ્યારે મહાનગરપાલિકામાં ફરિયાદ કરવામાં આવે છે. ત્યારે મહાનગરપાલિકાના તંત્ર દ્વારા માત્ર મોરમ નાખીને સંતોષ માની લેવામાં આવે છે. અગાઉ જ્યારે વગડ ચોકડી વિસ્તાર જ્યારે જિલ્લા પંચાયતમાં આવતું હતું. ત્યારે અહીં સારા રોડ બનાવવામાં આવ્યા હતા. પરંતુ મહાનગરપાલિકા વિસ્તારમાં સમાવેશ થયા બાદ અહીંયા કોઈપણ જાતની સુવિધા મહાનગરપાલિકાના તંત્ર દ્વારા આપવામાં નથી આવી. અગાઉ ખુદ રાજકોટ મહાનગરપાલિકાના ડેપ્યુટી કમિશનર ચેતન નંદાણી કબૂલી ચૂક્યા છે કે, વગડ ચોકડી વિસ્તાર અમારા ધ્યાનમાં રહી ગયો છે.

## આવતીકાલથી ગજાનન વંદનાઃ ઠેર ઠેર ગણેશ મહોત્સવ ઉજવણીના આયોજનોઃ અનેરો ઉમંગ

### રાજકોટમાં વિવિધ વિસ્તારોમાં ગણેશોત્સવના આયોજનો



**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજકોટ સહિત સમગ્ર સૌરાષ્ટ્રમાં આવતીકાલથી દસ દિવસીય ગણેશ મહોત્સવની ઉજવણીનો પ્રારંભ થશે. આવતીકાલે ગણેશચોથ છે. ઢાંકમાં આવેલ પ્રાચીન ગણપતિ મંદિરમાં ગણપતિ મહોત્સવનુ ભવ્યાતિભવ્ય આયોજન કરવામાં આવેલ છે.

આવતીકાલથી દસ દિવસ ગાઈએ ગણપતિ જગવંદનના સૂરો સાથે ગણેશ મહોત્સવની ઉજવણીનો પ્રારંભ થશે. રાજકોટમાં ૩૦૦૦થી વધારે પંડાલ રચાયા છે. રાજકોટમાં સાંજે મહાઆરતી તથા પ્રસાદનુ વિતરણ થશે.

ગજાનનદેવ, દુંદાળાદેવ, રિધ્ધિ-સિધ્ધિ અને શુભ-લાભ સાથે આવે છે. આવતીકાલે ગણપતિ ઉપાસના ફળદાયી રહેશે.

રાજકોટ-ગોંડલ હાઈવે એસજીવીપી રીબડા ગુરૂકુળ- રાજકોટ ખાતે આવતીકાલ તા.૭થી ૧૧ સપ્ટેમ્બર સુધી ગણેશ ઉત્સવનુ આયોજન કરવામાં આવેલ છે. તા.૭ના શનિવારે ગણેશ નગરયાત્રા, ગણેશ સ્થાપન તથા ષોડશોપચાર પૂજા થશે.

તા.૮મીના વિનાયક જ્ઞાનવર્ધક કિવઝ, ગજાનન રાસ-ગરબાનુ આયોજન કરવામાં આવેલ છે. તા.૯મીના સોમવારે વક્રતુંડ ચિત્ર સ્પર્ધા, ગજેન્દ્ર મલ્લયુધ્ધ, વિઘ્નહર્તા તલવાર પટ્ટાબાજી વગેરે કાર્યક્રમો યોજાશે.તા.૧૦મીના મંગળવારના લંબોદર આર્ટ સ્પર્ધા, મંગલમૂર્તિ રંગોળી સ્પર્ધા યોજાશે. તા.૧૧મીના બુધવારે લાડુનો અન્નકૂટ ધરાશે. ગણેશ નૃત્ય સ્પર્ધા તથા ગણપતિ વિસર્જન વગેરેનુ આયોજન કરાયુ છે.

## સ્મશાનના લાકડા કૌભાંડ બાબતે શહેર કોંગ્રેસે મનપામાં કર્યુ હલ્લાબોલ

**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજકોટ મહાનગરપાલીકા દ્વારા રોજ-બરોજ જુદી-જુદી શાખાઓમાં વ્યાપક પણે ચાલતા ભ્રષ્ટાચારો અને વહીવટો અંગે જાગૃત નાગરીકો અને મીડિયા દ્વારા ભ્રષ્ટાચારો ઉજાગર કરવામાં આવે છે. રાજકોટ મહાનગરપાલીકાની શાખાઓમાં લાંચીયા અને ભ્રષ્ટ અધિકારીઓના અડ્ડાઓ હોવાને પગલે ભ્રષ્ટાચારના બોરીંગ ભરડામાં મહાનગરપાલીકા સપળાઈ ચુકી છે ત્યારે આવુ જ એક નવતર અને નત નવું કૌભાંડ અને કારસ્તાન ગાર્ડન શાખામાં થયું છે. જેમાં ભ્રષ્ટાચારમાં સ્મશાનના લાકડા પણ સગેવગે કરી દેવામાં આવે છે, જે પગલે લાકડા કૌભાંડ ઉજાગર થયું છે.




(તસ્વીરઃ આનંદ જાવિયા)

રાજકોટ શહેરના અડધો ડઝન જેટલા સ્મશાન ગૃહોમાં રાજકોટ મહાનગરપાલીકા દ્વારા શહેરમાં ધારાશાયી થયેલા વૃક્ષોના ૩૨ ટ્રેક્ટરો પહોંચાડવામાં આવેલ છે. તેવું રેકર્ડમાં બતાવે છે. પરંતુ તમામ સ્મશાન ગૃહોના સંચાલકોના જણાવ્યા અનુસાર રાજકોટ મહાનગરપાલીકા દ્વારા મોકલાયેલા ટ્રેકટરો અને સ્મશાનગૃહના રેકોર્ડમાં વિરોધાભાસ જણાય છે. તાજેતરમાં તા. ૨૪ થી ૨૯ સુધીમાં પડેલા ધોધમાર વરસાદ અને ઝંઝાવતી પવનને પગલે રાજકોટ શહેરમાં ૬૦૦ થી વધુ વૃક્ષો પડી જવાની ઘટના બની હતી તેમાના લાકડા જે સ્મશાન ગૃહમાં પહોંચાડવાના થાય છે તે પહોંચાડવામાં આવ્યા નથી. જે પગલે સ્મશાનમાં જે લાકડા મોકલવામાં આવ્યા છે તે રેકોર્ડની તપાસ કરો, સ્ટોકની ગણતરી કરો, મોટા લાકડા અને તેનો વજન કેટલો તેની સંપૂર્ણ વિગતો જાહેર કરો. રાજકોટ મહાનગરપાલીકા ભ્રષ્ટાચારી અધિકારીઓ, પદાધિકારીઓ અને કોન્ટ્રાકટરની મીલીભગતને પગલે લાકડાઓમાં બારોબાર સગેવગે કરી દઈ લાખોનું કૌભાંડ આચરવામાં આવ્યું છે.


છેલ્લા દશક વર્ષથી સોમનાથ અને જય એજન્સી પાસે કોન્ટ્રાક્ટર છે તો આ કોન્ટ્રાકટરોની સામે કૌભાંડને પગલે તપાસ થવી જોઈએ અને જયાં સુધી તપાસ પૂર્ણ ન થાય ત્યાં સુધી કોન્ટ્રાકટરના તમામ બિલો સ્ટોપ પેમેન્ટ કરવામાં આવે અને આ ભ્રષ્ટાચારમાં સંડોવાયેલા જે કોઈ હોય તેની સામે રાજકોટ મહાનગરપાલીકા દ્વારા પોલીસ મથકમાં ગુનો નોંધાવી જેલ ભેગા કરવામાં આવે તેવી અમારી અપીલ છે. રાજકોટ મહાનગરપાલીકામાં થુકનારા અને કોગળા કરનાર શહેરમાં લાગેલા આઈવે પ્રોજેકટ હેઠળના સીસી ફુટેજમાં દેખાઈ આવે છે ત્યારે આ તમામ સ્મશાન ગૃહોમાં લગાવેલા અને જાહેર રસ્તા પર લાગેલા કેમેરામાં તપાસ કરી ગાર્ડન શાખાના જવાબદારો સામે દાખલારૂપ સજા થવી જોઈએ. વધુમાં આ અંગે છેલ્લા એક માસમાં રાજકોટ મહાનગરપાલીકા દ્વારા દરેક સ્મશાનગૃહોમાં મોકલવામાં આવેલા તમામ વાહનોના લાકડા અંગેની વાહનના નંબર સહિતની માહિતી આપશો. રાજકોટ શહેર કોંગ્રેસ પ્રમુખ અતુલ રાજાણી, રાજકોટ મહાનગરપાલીકા વિરોધ પક્ષના નેતા વશરામભાઈ સાગઠીયા, પ્રદેશ કોંગ્રેસના આગેવાનો રાજકોટ શહેર કોંગ્રેસ આગેવાનો જશવંતસિંહ ભટ્ટી, ડી.પી.મકવાણા, મેઘજીભાઈ રાઠોડ, દિપ્તીબેન સોલંકી, નયનાબા જાડેજા, રાજદિપસિંહ જાડેજા, ધરમભાઈ કાંબલીયા, ગજેન્દ્રસિંહ ઝાલા, વિષય દર્શિત બાબતે તાત્કાલીક કડક પગલા ભરી આપ દ્વારા થયેલ કાર્યવાહીની જાણ દિવસ-૧૫ માં કરવા અપીલ છે.

## મોરબીના ભરતનગર ગામમાં ચોર સમજી માર મારી ખુનના ગુન્હામાં આરોપીને જામીનમુકત કરતી સેશન્સ કોર્ટ

### ■ પોલીસ ખુદ ફરીયાદી બની હતી

**મુખ્ય સમાચાર,રાજકોટ**

આ બનાવની વિગત એવી છે કે, પોલીસ કોન્સ્ટેબલ કેતનભાઈ જીવણભાઈ અજાણા ધ્વારા અજાણ્યા માણસો વિરૂધ્ધ એવી ફરીયાદ લખાવેલી હતી કે, ગત તા.૨૯/૬/૨૪ ના રોજ તેઓને કંટ્રોલરૂમ તરફથી વર્ધી મળેલ કે મોરબી તાલુકાના ખોખરા હનુમાન રોડ પર ઝઘડો થયેલ હોય જેથી તેઓ ત્યાં પી.સી.આર. વાન લઈને ગયેલ અને ત્યાં પહોંચી ઝઘડા બાબતે પુછપરછ કરતા આવો કોઈ બનાવ બનેલ ન હોવાનું જાણવા મળેલ જેથી તેઓ ત્યાંથી પરત ફરતા હતા ત્યારે હેડ કોન્સ્ટેબલ મનીષભાઈ બારૈયાનો ફોન આવેલ અને તેઓએ કહેલ કે ભરતનગર ગામ પાસે એક અજાણ્યા માણસને ગ્રામજનોએ પકડી રાખેલ છે ત્યાં તેઓ તથા પોલીસ કોન્સ્ટેબલ સાગરભાઈ બંને જઈએ છીએ તમો પણ આવો જેથી અમો ત્યાં પહોંચતા સદરહુ જગ્યાએ લોકો ભેગા થયેલ હોય અને એક અજાણ્યો ઈસમ બેઠેલ હતો જે એકદમ ગભરાઈ ગયેલ હોય અને ધ્રૂજતો હતો અને તેને માથાના ભાગે ઈજાઓ થયેલ હોવાનું જોવામાં આવેલ અને તેને સારવાર લેવા માટે પુછતા તેને મોઢું હલાવી હા પાડતા તાત્કાલીક પી.સી.આર.માં બેસાડી સારવાર અર્થે લઈ ગયેલ ત્યાં રસ્તામાં તેને આંચકી આવતા તુરંત સારવાર મળે તે માટે ૧૦૮ ને જાણ કરતા થોડીવારમાં ૧૦૮ આવી જતા આ ઈસમની ડોકટરશ્રીએ પ્રાથમીક સારવાર કરેલ અને વધુ સારવાર અર્થે રાજકોટ સીવીલ હોસ્પીટલમાં રીફર કરેલ અને આ સારવાર દરમ્યાન સદરહુ વ્યકિત મરણ ગયેલ હતો જે અંગેની અજાણ્યા લોકો વિરૂધ્ધ મોરબી તાલુકા પોલીસ સ્ટેશનમાં આઈ.પી.સી. કલમ ૩૦૨ મુજબની ફરીયાદ નોંધેલ હતી. જે ફરીયાદના અનુસંધાને મોરબી તાલુકા પોલીસ સ્ટેશન ધ્વારા ગુંજારીયા વેલજીયા જગડાભાઈ સસ્તીયા તથા આનંદભાઈ વિઠલભાઈ ભુવાની ધરપકડ કરવામાં આવેલ હતી. અને ત્યારબાદ આ કામમાં મોરબી તાલુકા પોલીસ સ્ટેશન ધ્વારા નામદાર કોર્ટમાં ચાર્જશીટ રજુ કરવામાં આવેલ હતુ.



ચાર્જશીટ રજુ થયા બાદ ઉપરોકત આરોપીઓ પૈકી આનંદભાઈ વિઠલભાઈ ભુવાએ નામદાર મોરબી સેશન્સ અદાલતમાં જામીન અરજી કરેલ હતી.

જે અરજીના અનુસંધાને નામદાર અદાલતમાં એવી રજુઆત કરેલ હતી કે આ ગુન્હામાં ગુજરનારને હાલના અરજદારે કોઈ ઈજા પહોંચાડેલ નથી અને હાલના આરોપીનું ફરીયાદમાં નામ આપવામાં આવેલ નથી કે તેઓની કોઈ ઓળખ પરેડ પણ કરવામાં આવેલ નથી જેથી તેઓ બનાવ સ્થળે હાજર હોય તેવું શંકાસ્પદજણાય છે અને ફરીયાદી ધ્વારા ખોટી ફરીયાદ આપી તેઓને સંડોવી દીધેલ છે તેવું જણાય આવે છે. તેઓને મરણજનારને મારવાનો કોઈ મોટીવ રહેલ નથી કે મરણ જનાર સાથે તેઓને કોઈ દુશ્મનાવટ રહેલ નથી કે મરણ જનારને કોઈ ઈજાઓ પહોંચાડેલ હોય તેવું પણ ચાર્જશીટના પેપર્સ જોતા જણાય આવતું નથી. તેમજ ચાર્જશીટના પેપર્સ અને સાહેદોના નીવેદનો જોતા મરણ જનાર રોડ પર પડી જતા ઈજાઓ થયેલાનું પ્રથમ દર્શનીય રીતે જણાય આવે છે તેમજ આ કામમાં ચાર્જશીટ પણ રજુ થઈ ગયેલ છે અને કેસ ચાલવા ઉપર આવી ગયેલ છે ઉપરોકત સંજોગોમાં કાયદાકીય પરિસ્થિતી, બચાવપક્ષની દલીલો અને પોલીસ તપાસના કાગળો ધ્યાને લઈ નામદાર મોરબી સેશન્સ અદાલત ધ્વારા આનંદભાઈ વિઠલભાઈ ભુવાને શરતી જામીન ઉપર મુકત કરવા હુકમ ફરમાવેલ છે. આ કામમાં આરોપીવતી મોરબીના એડવોકેટ જીતુભા જાડેજા તથા રાજકોટના એડવોકેટ ભગીરથસિંહ ડોડીયા, ખોડુભા સાકરીયા, જયવિર બારૈયા, મીલન જોષી, રવિરાજસિંહ જાડેજા, સાગરસિંહ પરમાર તથા જયપાલસિંહ સોલંકી એડવોકેટ તરીકે રોકાયેલ હતા.

## ત્રંબા સોની સિંચાઈ યોજનાને મંજૂરી આપવા બદલ મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ સહિત અન્ય મંત્રીઓનો આભાર વ્યક્ત કરતા ભુપતભાઈ બોદર

**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજકોટ જિલ્લા પંચાયતના પૂર્વ પ્રમુખ ભુપતભાઈ બોદર એ મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વ વાળી ડબલ એન્જિન વાળી ગુજરાત સરકારના કેબિનેટ મંત્રીશ્રી કુવરજીભાઈ બાવળીયા દ્વારા ₹૨૩૫.૫૦ કરોડના ખર્ચે સૌની સિંચાઈ યોજનાને મંજૂર કરવાના નિર્ણયને આવકારી અને અભિનંદન પાઠવતા જણાવ્યું હતું કે રાજ્યની ભાજપ સરકાર જ્યાં માનવી ત્યાં સુવિધા ના મંત્રને ચરિતાર્થ કરીને છેવાડાના માનવી સુધી વિકાસ યાત્રા વધુને વધુ વિસ્તરે તે દિશામાં કાર્ય કરી રહી છે અને મહાનગરોની સાથે નગરો અને ગામડાઓ પણ આર્થિક રીતે સમૃદ્ધ થાય, અને પ્રજાજનોને લોક સુવિધાઓ સહજ અને સરળ રીતે પ્રાપ્ત થાય તે માટે પ્રતિબદ્ધ છે ત્યારે આ નિર્ણયથી રાજકોટ જિલ્લાના રાજકોટ જસદણ અને કોટડા સાંગાણી તાલુકાના વિવિધ ગામોમાં તળાવો ચેક ડેમો નાની સિંચાઈ યોજના ના જળાશયોનો સોની લીંક -૩ માં સમાવેશ કરવા વિવિધ ગામોને નર્મદા આધારિત પાણીનો લાભ આપવા બાબતની યોજના ની વર્ષોથી આ પંથકના લોકો અને ખેડૂતોની માગ હતી. તેમજ આ અંતર્ગત ભુપતભાઈ બોદર એ પણ પોતાના રાજકોટ જિલ્લા પંચાયતના પ્રમુખ તરીકેના કાર્યકાળ દરમિયાન સરકાર શ્રી સમક્ષ રજૂઆતો કરેલ હતી. ત્યારે ખેડૂતોની આ રજૂઆતો ને પગલે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ રાજ્યના કેબિનેટ મંત્રી શ્રી કુંવરજીભાઈ બાવળીયા દ્વારા રાજકોટ તાલુકાના ૩૦, કોટડા સાંગાણી તાલુકાના ૮, જસદણ તાલુકાના ૩ ગામો જેમાં ચાર નાની સિંચાઈ યોજના સાથે કુલ ૪૧ ગામોને નર્મદાના પાણીનો લાભ આપવાના કામ સપ્લાય વોટર ફ્રોમ લિંક -૩ ટુ વેરીઅસ વિલેજીસ ઓફ રાજકોટ કોટડા સાંગાણી અને જસદણ તાલુકાને નર્મદા જળ સંપતિ પાણી પુરવઠા વિભાગ દ્વારા રૂપિયા ૨૩૫.૫૦ કરોડની સિદ્ધાંતિક મંજૂરી આપવામાં આવી છે. આ યોજનાથી રાજકોટ તાલુકાના ત્રંબા ખાતે એક અલાયદૂ પમ્પિંગ સ્ટેશન બનાવવાનું આયોજન પણ કરવામાં આવેલ છે. આ પંપીંગ સ્ટેશનની ક્ષમતા આશરે એંસી લાખ લિટર પ્રતિ કલાક જેટલી છે. જેમાં અલગ અલગ ક્ષમતા ધરાવતા કુલ ૧૧ પંપો મૂકવાનું આયોજન કરવામાં આવેલ છે.



આમ આ યોજનાથી રાજકોટ જિલ્લાના રાજકોટ જસદણ તથા કોટા સાંગાણી વિસ્તારના કુલ ૪૧ ગામોમાં આશરે ૫૦૦૦ એકર વિસ્તારમાં સિંચાઈની સુવિધા સુદૃઢ થશે અને સિચાઈના પાણીનો લાભ મળશે.આમ રાજ્ય સરકારના ખેડૂત હિતલક્ષી નિર્ણયથી ખેડૂતો અને ગ્રામ્ય વિસ્તારના પ્રજાજનોમાં ખુશીની લહેર વ્યાપી ગઈ છે.

આમ ત્રંબા સોની સિંચાઈ યોજનાને મંજૂરી આપી ગ્રામજનો અને ખેડૂતોના હિતલક્ષી નિર્ણય ને આવકારી મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલ કેબિનેટ મંત્રી શ્રી . કુંવરજીભાઈ બાવળીયા અને ભાનુબેન બાબરીયાનો સંસદશ્રીઓ પરસોત્તમભાઈ રૂપાલા, રામભાઈ મોકરિયા,કેસરીદેવ સિંહ ઝાલા, રાજકોટના પ્રભારી મંત્રી શ્રી રાઘવજીભાઈ પટેલ નો જાહેર આભાર વ્યકત કરતા રાજકોટ જિલ્લા પંચાયતના પૂર્વ પ્રમુખ ભુપતભાઈ બોદર એ અંતમાં જણાવેલ હતું.

## આનંદનગરમાં નામચીન બુટલેગર મહાજનનો આંતકઃ દંપતિને મારમાર્યો

**મુખ્ય સમાચાર,રાજકોટ**

નામચીન બુટલેગરે ૧૫૦ ફૂટ રીંગ રોડ પર રહેતા સાસુને આપેલી ધમકી સાર્થક કરી બતાવી છે પત્ની સાથે ઝઘડો ચાલતો હોય યુનીવર્સીટીમાં સાસુએ ફરિયાદ નોંધાવ્યાનો ખાર રાખી પૂત્ર સહિતનાને સાથે લઈ જઈ આનંદનગરમાં રહેતા પત્નીના બહેન- બનેવીને ફડાકા ઝીકી, મુક્કા ફટકારી જાનથી મારી નાખવાની ધમકી આપતા ભક્તિનગર પોલીસે મહાજન અને તેના પૂત્ર સહીત ચાર સામે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

શહેરના ૧૫૦ ફૂટ રીંગ રોડ પર રહેતા સરોજબેન કોટકએ દેવપરામાં રહેતા લીસ્ટેડ બુટલેગર હર્ષદ માણેકલાલ મહાજન સામે યુનીવર્સીટી પોલીસમાં ધમકી આપવા અંગે ફરિયાદ નોંધાવી હતી જેમાં દીકરી મેઘા માવતરે આવી હોય જમાઈ હર્ષદનો ફોન કાપી નાખ્યો હતો જેથી જમાઈએ ફોન કરી તારી બીજી દીકરી અને તેના પતિને મારવા જાવ છું તેવી ફરિયાદ નોંધાવી હોય સરોજબેને આનંદનગરમાં રહેતી બીજી દીકરીને જાણ કરી હતી દરમિયાન આનંદનગર ક્વાટરમાં રહેતા રૂપલબેન જયોતીન્દ્રભાઈ તન્ના ઉ.૪૯એ હર્ષદ માણેકલાલ મહાજન, તેનો પૂત્ર આશિષ, તેનો મિત્ર, અને ભના સામે ભક્તિનગર પોલીસમાં નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે ગત રાત્રે ચારેય ઘરે આવતા હું નીચે ઉતરતા હર્ષદએ મને ફડાકા મારી દીધા હતા અવાજ સાંભળી મારા પતિ નીચે આવતા તેને નાક ઉપર મુક્કા કરી દીધા હતા અને ઈટથી હુમલો કર્યો હતો શુકામ મારો છો તેવું પૂછતાં તારી બહેનમેથા અને તારા આખા



પરિવારને જાનથી મારી નાખવા છે મારા વિરુદ્ધ ફરિયાદ કરવા ગયા છે, જીવતા રહેવા દેવા નથી કહી જતા રહ્યા હતા બાદમાં ફરી વિડીયો કોલ કરી તારા છોકરાને પણ દુકાન ખોલવા નહિ દવ, મારી નાખીશ કહી ધમકી આપી હોય ફરિયાદ નોંધાવતા પીઆઈ એમ એમ સરવૈયાસહિતે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

## શહેર પોલીસ વિભાગમાં ૧૦ પીઆઈની અરસપરસ બદલીઓ

### ડિસીબીમાં સેકન્ડ પીઆઇ તરીકે ડામોરની નીમણુંકઃ બી ડિવિજનના પીઆઇ જાડેજાની એસ.ઓ.જીમાં બદલી કરાઇ

**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજકોટ પોલીસ કમિશ્નરએ પણ રાજકોટમાં દસ પીઆઈની આંતરિક બદલીના હુકમ કર્યા છે જેમાં નવા ત્રણ પીઆઈને પણ નિમણુક આપવામાં આવી હોવાનું જાણવા મળ્યું છે. રાજકોટ પોલીસ કમિશ્નર બ્રજેશ ઝાએ કરેલ બદલીના હુકમમાં બી ડીવીઝનમાં ફરજ બજાવતા પીઆઈ એસ એમ જાડેજાની એસઓજીમાં અને પ્રમોશન સાથે બદલી લઈને રાજકોટ આવેલા ડામોરની ક્રાઈમ બ્રાંચમાં સેકન્ડ પીઆઈ તરીકે ખાલી પડેલી જગ્યા પર નિમણુક કરવામાં આવી છે આ ઉપરાંત એસ ડી ગીલવાની એમઓબીમાં, બી ટી અકબરીની ગાંધીગ્રામથી મહિલા પોલીસ મથકમાં, એસ એસ રાણેની



બી ડીવીઝનમાં, સી એચ જાદવની હ્યુમન ટ્રાફિકિંગ યુનિટમાં, આઈ એન સાવલિયાની ટ્રાફિકમાં, કે જે કરપડાની ગાંધીગ્રામમાં, પી જે પટેલની રીડર શાખામાં અને ભાતીની સ્પેશ્યલબ્રાંચમાં નિમણુક કરવામાં આવી છે.

## આટકોટની કન્યા છાત્રાલયના ચકચારી દુર્ષ્કમ કેસમાં આરોપી પોલીસના શરણે આવ્યો

**મુખ્ય સમાચાર,રાજકોટ**

આટકોટ તાબેની માતૃશ્રી ડી બી પટેલ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત કન્યા છાત્રાલયમાં રહી અભ્યાસ કરતી કોલેજીયન યુવતી સાથે છાત્રાલયના ટ્રસ્ટી સહીત ભાજપના બે આગેવાનોએ દુષ્કર્મ આચર્યાની ગત જુલાઈ મહિનામાં ફરિયાદ નોંધાયાના કેસમાં છાત્રાયલય ટ્રસ્ટી અને રાજકોટ જીલ્લા પંચાયતના સદસ્યાના પતિના સેસન્સ કોર્ટે આગોતરા રદ કરતા અંતે ૪૦ દિવસ પછી પોલીસ સમક્ષ હાજર થતા વિધિવત ધરપકડ કરી પોલીસે તપાસ હાથ ધરી છે. આટકોટની માતૃશ્રી ડી બી પટેલ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત કન્યા છાત્રાલયમાં ૨૦૧૯થી માર્ચ ૨૦૨૪ સુધી છાત્રાલયમાં રહી આટકોટ ખાતે અભ્યાસ બીએસસીનો અભ્યાસ કરતી યુવતીએ ગત જુલાઈ મહિનામાં ભાજપના બે આગેવાન પાંચવડાના પૂર્વ સરપંચ મધુ ટાઢાણી અને છાત્રાલયના ટ્રસ્ટી પરેશ રાદડિયા સામે આટકોટ પોલીસ સ્ટેશનમાં દુષ્કર્મની ફરિયાદ નોંધાવતા ચકચાર મચી ગઈ હતી ફરિયાદ નોંધાતા જ ભાજપના બંને આગેવાનો ભૂગર્ભમાં ઉતરી ગયા હતા આ કેસમાં આરોપીઓને પકડવા માટે ગ્રામ્ય એલસીબી, એસઓજી, આટકોટ સહિતની જુદી જુદી ટીમો દોડાવી હતી અને આગોતરા જામીન મેળવવા માટે કોર્ટમાં પણ અરજી કરી હતી પરંતુ નિષ્ફળતા પ્રાપ્ત થઈ હતી દરમિયાન એક આરોપી મધુ ટાઢાણીને ગ્રામ્ય એલસીબીએ ભૂણાવા પાસેથી દબોચી લીધો હતો જેના બે દિવસના રિમાન્ડ પૂરા થયા બાદ જેલહવાલે કરવામાં આવ્યો હતો જયારે આ પ્રકરણમાં છાત્રાલયનો ટ્રસ્ટી અને



જીલ્લા પંચાયતના સભ્યના પતિ પરેશ પ્રેમજીભાઈ રાદડિયા હજુ પણ ફરાર હોય પોલીસે વિવિધ દિશામાં તપાસ હાથ ધરી હતી પરેશ રાદડિયાએ રાજકોટ સેસન્સ કોર્ટમાં કરેલી આગોતરા જામીન અરજી કોર્ટે ફગાવી દેતા પોલીસ સમક્ષ સામેથી હાજર થતા આટકોટ પોલીસે દુષ્કર્મના કેસમાં વિધિવત ધરપકડ કરી હતી આ તપાસ અઈઈઝઅના પીઆઈ એમ આર રાઠોડને સોપવામાં આવી હોય તેણે આરોપીનો કબજો લઈ તપાસ હાથ ધરી છે.

**MUKHYA SAMACHAR (DAILY EVENING)** Publisher, Editor, Printer & Owner : **RAJDEEPSINH MANOHARSINH ZALA,** Place of Publication : **4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat),** Printed At :**R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT**

# મોરબી તાલુકાનું રામપર ગામ સંપૂર્ણપણે રામભરોસે


## વહીવટીતંત્રના બહેરા કાનને રામપરની વ્યથા સંભળાતી નથી



**મુખ્ય સમાચાર,રાજકોટ**
સમગ્ર ભારત દેશમાં માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ચારે બાજુ વિકાસ,વિકાસ અને વિકાસની વાતો તેમજ કામો ચાલે છે ત્યારે મોરબી તાલુકાનું રામપર (પાડાબેકર) ગામ જાણે કે ભારત અને ગુજરાતના નક્શામાં જ ના હોય તે રીતે વિકાસથી વંચિત રહી ગયેલ છે.

આઝાદીના ૭૮ વર્ષ પછી અનેક ગામો રોડ રસ્તાઓથી એકબીજા સાથે જોડાયાં છે ત્યારે રામપર ગામના લોકો ચોમાસામાં પોતાના ખેતરોમાં પણ ના જઈ શકે એવી અતિ ગંભીર હાલતનું સર્જન થાય છે.છેલ્લા અનેક વર્ષોથી ગામલોકો અવરજવર માટે એક સામાન્ય પુલ બનાવવાની માંગણી કરે છે પણ તેમની આ વિનંતી સંસદસભ્ય,ધારાસભ્ય,જિલ્લા પંચાયત પ્રમુખ,તાલુકા પંચાયત પ્રમુખ કે કોઈ પણ આગેવાન સાંભળતો નથી.રામપર (પાડાબેકર) ગામ જાણે કે ભારત – ગુજરાતમાં હોય જ નહિ તે રીતે આ ગામ પ્રત્યે ઓરમાયું વર્તન રાખી વહીવટીતંત્ર આ ગામના વિકાસમાં રસ લેતું નથી. ભારત ખેતીપ્રધાન દેશ છે ત્યારે રામપર (પાડાબેકર) ગામના ખેડૂતો ચોમાસામાં એમના ખેતરોમાં જઈ શકતા નથી એટલી દયનીય હાલત છે.બાર મહિનામાં બધા ખેડૂતો તેમના ખેતરમાં ત્રણ ત્રણ પાક લઈ શકે ત્યારે રામપરના ખેડૂતો આખા વર્ષમાં માંડ એકવાર જ ખેતી પાક લઈ શકે છે.રામપરમાંથી પસાર થતી નદી ઉપર અવરજવર માટેએક પુલ તાત્કાલિક ધોરણે બનાવવામાં આવે તો આ ગામની સમસ્યા હલ થાય. જાગૃત પત્રકારો આ બાબતે વારંવાર રજૂઆત કરે છે તેમજ આ સમસ્યા વહીવટીતંત્ર અને રાજકીય મહિનુભાવો સુધી પહોંચાડે છે પણ આ સમસ્યાનો ઉકેલ આવતો નથી. રામપર (પાડાબેકર) ના ખેડૂતો નજીકના દિવસોમાં જ મોરબી જિલ્લા ક્લેક્ટર ક્ચેરી સામે ગાંધી ચિંધ્યા માર્ગે ઉપવાસ ઉપર બેસવાનું પણ વિચારી રહેલ છે.લાગતાવળગતા સૌ અધિકારીઓ,પદાધિકારીઓ તૈમજ જાહેર જીવનના મહાનુભાવો રામપર (પાડાબેકર) ગામની સમસ્યા તાત્કાલિક હલ કરે તેવું ગામલોકો ઈચ્છે છે.

# રાજકોટ ઝનાના હોસ્પિટલમાં બાળકના મોત પ્રકરણમાં નર્સ અને નર્સિંગ છાત્ર સામે ફરિયાદ



**મુખ્ય સમાચાર,રાજકોટ**
ગોંડલના શ્રમિક પરિવારના પાંચ મહિનાના માસુમ બાળકને છે. ન્યુમોનીયા અને ટી.બી. થતા સારવાર માટે રાજકોટની ઝનાના હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. જ્યાં સારવાર દરમિયાન નર્સિંગ સ્ટાફ દ્વારા બાળકને નાહમાં આપવાનું ઈન્જેક્શન પગમાં આપી દેતા તેનું મોત નીપજ્યું હતું. જે બનાવમાં પરિવાર દ્વારા તબીબી બેદરકારીનો આક્ષેપ કરવામાં આવતા પોલીસે તપાસ હાથ ધરી હતી. આખરે ત્રણ મહિના બાદ તપાસ દરમિયાન બાળકનું મોત નર્સિંગ સ્ટાફની બેદરકારીથી થયાનું ખોલતા પોલીસે બેદરકારી દાખવનાર ઝનાના હોસ્પિટલની વોર્ડ નર્સ અને નર્સિંગ છાત્ર સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી જાણવા મળતી વિગત મુજબ, મુળ બિહારના વતની અને હાલ ગોંડલમાં તાલુકા પોલીસ સ્ટેશન પાસે રહેતા વિરેન્દ્ર નરશીંભાઈ કુશવાહના પાંચ મહિનાના પુત્ર રાજને તાવ આવતો હોવાથી ગોંડલ ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. જ્યાં જેના રિપોર્ટ થતા બાળકને ન્યુમોનીયા અને ટી.બી.હોવાનું જણાયું અને ટી.બી.ની સારવાર ત્યાં થતી ન હોવાથી પરિવારજનો બાળકને તા.૪/૬ના રોજ રાજકોટ ઝનાના હોસ્પિટલ ખાતે લાવવામાં આવતા તેને દાખલ કરવામાં આવ્યો હતો.જ્યાં તબીબો દિવસમાં ત્રણ વાર બાળકને ચડાવેલા માસ્કમાં નાહનું ઈન્જેકશન આપતા હતા. દરમિયાન તા.૪/૭ના બપોરના સમયે ત્રણ ડોક્ટરો આવ્યા હતા. જેમના હાથમાં માસ્કમાં આપવાનું નાહનું ઈન્જેક્શન હતો અને બાળકના મોઢામાં માસ્ક હોય તેમાં ઈન્જેક્શન આપવાના બદલે બાળકના ડાબા પગની નસમાં ઈન્જેક્શન આપી દીધું હતું. ત્યાર બાદ થોડીવારમાં જ બાળકની તબીયત લથડતા તેને આઈસીયુમાં ખસેડવામાં આવ્યો હતો. ચાલુ સારવાર દરમિયાન તા.૬/૭ના રોજ બાળક રાજનું મોત થયું હતું. જેથી બાળકના પરિવારજનો દ્વારા તબીબી બેદરકારીનો આક્ષેપ કરવામાં આવતા એ ડીવીઝન પોલીસે બાળકનું પીએમ કરાવી આ અંગે વધુ તપાસ હાથ ધરી હતી. પોલીસ તપાસ દરમિયાન ઝનાના હોસ્પિટલમાં વોર્ડ નર્સ તરીકે ફરજ બજાવતા એકતાબેન કિશોરભાઈ રાઠોડના કહેવાથી આનંદ કોલેજમાં નર્સિંગનો અભ્યાસ કરતા છાત્ર પીન્ટુ સુરેશભાઈ ફાર્ગેલીયાએ માસુમ બાળકને પગની નસમાં ઈન્જેક્શન આપી દઈ બેદરકારી દાખવી હોવાનું ખોલવા પામ્યું હતું.જેથી આ અંગે એ ડીવીઝન પોલીસે બાળક રાજના માતા સોનમ કુમારી વિરેનદ્રભાઈ કુશવાહ (ઉ.વ.૨૮)ની ફરિયાદ પરથી વોર્ડ નર્સ એક્તાબેન રાઠોડ અને નનર્સંગ છાત્ર પિન્ડુ ફાર્ગેલીયા વિરુદ્ધ બેદરકારીથી મોત નીપજ વવાનો ગુનો નોંધી પીએસઆઈ પી.કે.ગામેતીએ વધુ તપાસ હાથ ધરી છે.

# હીરાસર એરપોર્ટ પાસે ૫૩ લાખનો દારૂ ભરેલ ટેન્કર ઝડપાયું

## નંબર પ્લેટ ખોટી લગાવી રાજસ્થાની શખ્સ લોકેશન આધારે આગળ વધતો હતો : પોલીસે ગેસ કટરથી ચોરખાનું કાપી દારૂનો જથ્થો બહાર કાઢ્યો




**મુખ્ય સમાચાર,રાજકોટ**
ગુજરાત રાજ્યમાં દારૂબંધી છે તેનો લાભ બહારના રાજ્યના સપ્લાયરો અને સ્થાનિક બુટલેગરો ભરપુર રીતે ઉઠાવતાં હોય છે. અવાર-નવાર પોલીસ લાખોનો દારૂ ભરેલા ટ્રક, ક્ન્ટેનર, ટેન્કર પકડી લેતી હોય છે. રાજસ્થાન, મહારાષ્ટ્ર, હરિયાણા સહિતના રાજ્યોમાંથી ગેરકાયદેસર રીતે ગુજરાતમાં દારૂ ઘુસાડવા સપ્લાયરો અને બુટલેગરો નવા નવા કિમીયા અજમવાતાં હોય છે. દરમિયાન શહેર ક્રાઈમ બ્રાંચે ચોક્કસ બાતમીને આધારે રાજકોટ અમદાવાદ હાઈવે પર હિરાસર એરપોર્ટ નજીકના રોડ પરથી અડધા કરોડથી વધુનો દારૂ ભરેલા ગેસના ટેન્કર સાથે રાજસ્થાની ડ્રાઈવરને પકડી લીધો છે. આ દારૂ રાજકોટમાં કે આસપાસમાં કોને આપવાનો હતો? તેની તપાસ આ ડ્રાઈવર પાસેથી મળેલા મોબાઈલ નંબરને આધારે હાથ ધરવામાં આવી છે. પોલીસની નજરે ન ચડાય એ માટે ઈન્ડિયન ઓઈલના માર્કાવાળા ગેસના ટેન્કરની અંદર હજારો બોટલ દારૂ છુપાવવામાં આવ્યો હતો.

જાણવા મળ્યા મુજબ શહેરમાં દારૂ જુગારની પ્રવૃતિ અટકાવવા ઉચ્ચ અધિકારીઓએ સુચના આપી હોઈ તે અંતર્ગત ક્રાઈમ બ્રાંચની ટીમ પેટ્રોલીંગમાં હતી ત્યારે ક્રાઈમ બ્રાંચના મહાવીરસિંહ ચુડાસમા અને હિરેનભાઈ સોલંકી અને ગોપાલભાઈ પાટીલને ચોક્કસ બાતમી મળી હતી કે ચોટીલા તરફથી ઈન્ડેન ઓઈલનું ગેસનું એક ટેન્કર આવી રહ્યું છે. આ ટેન્કરમાં ગેસ નહિ પણ વિદેશી દારૂની બોટલોનો જથ્થો ભરેલો છે! આ બાતમીને આધારે પીઆઈ એમ. આર. ગોંડલીયાની રાહબરીમાં ટીમે વોચ રાખતાં બાતમી મુજબનું યુપી૧૭એટી–૨૯૯૯ નંબરનું ટેન્કર આવ્યું હતું. જેના પર ઈન્ડેન ઓઈલ લખેલુ હતું. વળી તપાસ કરતાં નંબર પ્લેટ પણ ખોટી જણાઈ આવી હતી.

ટેન્કરને આંતરીને ચાલકની પુછતાછ કરવામાં આવતાં તેણે પોતાનું નામ મહેન્દ્ર મનસુખરામ રામુરામજી સારંગ (ઉ.વ.૨૩-રહે. જીયોણીયોની વસ્તી (વાસ) રામદેરીયા કાશ્મીર તા. વિશ જી. બાડમેર રાજસ્થાન) જણાવ્યું હતું. પ્રાથમિક પુછતાછમાં તેણે ઈન્ડિયન ઓઈલનું ગેસનું ટેન્કર હોઈ ગેસ ભર્યો હોવાનું રટણ કર્યુ હતું. પણ પોલીસને દારૂની બાતમી મળી હોઈ ટેન્કરના ઢાંકણા ખોલાવીને અંદર તપાસ કરતાં પોલીસ ચોંકી ગઈ હતી. અંદરથી અલગ અલગ બ્રાન્ડની ભારતીય બનાવટની વિદેશી દારૂની રૂ. ૫૨,૮૦,૦૦૦ની ૧૦૫૬૦ બોટલો મળી આવી હતી.

ક્રાઈમ બ્રાંચે આ અંગે ગુનો નોંધી મહેન્દ્ર સારંગની ધરપકડ કરી દારૂ તેમજ ચૌદ વ્હીલવાળુ યુપી પાસીંગનું ૩૦ લાખનું ટન્કર, બે મોબાઈલ ફોન મળી રૂ. ૮૨,૮૫,૫૦૦નો મુદ્દામાલ કબ્જે કર્યો હતો. ગવર્નમેન્ટ ઓફ ઉત્તર પ્રદેશની આર.સી. બૂક પણ કબ્જે કરવામાં આવી હતી. પોલીસે કબ્જે કરેલી ૧૦૫૬૦ બોટલો ૭૫૦ એમએલની છે. જેમાં ઓલ સીઝન્સ, મેકડોવેલ્સ નંબર વન બ્રાન્ડની બોટલો સામેલ છે.

# કાળીપાટ ગામે યુવાનનો ગળાફાસો ખાઈ આપઘાતઃ અરેરાટી

ભાવનગર રોડ ઉપર આવેલા કાળીપાટ ગામે રહેતા યુવાને નવનિર્મિત મકાનના રસોડામાં કોઈ અગમ્ય કારણસર ગળેફાંસો ખાઈ આપઘાત કરી લેતા પરિવારમાં શોકની લાગણી પ્રસરી છે. આ અંગે જાણવા મળતી વિગત મુજબ રાજકોટ તાલુકાના કાળીપાટ ગામે રહેતા મનસુખભાઈ લીંબાભાઈ વાઘેલા નામનો ૩૫ વર્ષનો યુવાન પોતાના ઘરે હતો ત્યારે રાત્રિના બે વાગ્યાના અરસામાં કોઈ અગમ્ય કારણસર રસોડામાં ગળેફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો આ ઘટના અંગે જાણ થતાં આજીડેમ પોલીસ મથકનો સ્ટાફ તાત્કાલિક દોડી ગયો હતો અને પોલીસે જરૂરી કાર્યવાહી કરી યુવકના મૃતદેહને પોસ્ટ મોર્ટમ માટે સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડ્યો હતો. યુવકના મોતથી પરિવારમાં શોકની લાગણી પ્રસરી છે. આ ઉપરાંત અન્ય બીજા બનાવમાં રૈયાધાર વિસ્તારમાં આવેલા ઈન્દિરાનગર મફતિયાપરામાં રહેતા અજય નનકુભાઈ બથવાર નામનો ૧૮ વર્ષનો યુવાન મવડી ચોકડી નજીક આવેલી રાધેશ્યામ સોસાયટીમાં હિતેશભાઈ રવજીભાઈ કોટડીયાની સાઈટ પર હતો ત્યારે અકસ્માતે બીજા માળેથી નીચે પટકાયો હતો. યુવકને ઈજા પહોંચતા સારવાર માટે ખસેડવામાં આવ્યો હતો.


# માલવીનગર પોલીસ મંથકના કસ્ટોડિયલ ડેથ કેસમાં પોલીસમેનની જામીન અરજી કોર્ટે ફગાવી

## બે યુવકને પોલીસ મથકમાં ઉઠાવી જઈ માર મારતાં મોત નીપજ્યાના કેસમાં ધરપકડ કરાઈ હતી

ગોંડલ રોડ પર આવેલા આંબેડકરનગરમાં પાડોશીના ઝઘડામાં પોલીસે ઢોર માર મારતા બે વ્યક્તિના મોત નિપજ્યા હતા. જે કસ્ટડીયલ ડેથ પ્રકરણમાં જેલ હવાલે રહેલા એ.એસ.આઈ. અશ્વિન કાનગડની જામીન અરજી કોર્ટે ફગાવી દીધી છે. આ કેસની હકીકત મુજબ રાજકોટમાં ગોંડલ રોડ પર આવેલા આંબેડકરનગરમાં પાડોશીના ઝઘડામાં પોલીસે હમીરભાઈ ઉર્ફે ગોપાલ દેવજીભાઈ રાઠોડ અને રાજુ ભગવાનજીભાઈ સોલંકીને માલવીયાનગર પોલીસ સ્ટેશનને લઈ જઈ એ.એસ.આઈ અશ્વિન કાનગડે ઢોર માર મારતા ગંભીર રીતે ઘવાયેલા બંને યુવકને સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા. સારવાર દરમિયાન હમીરભાઈ ઉર્ફે ગોપાલ રાઠોડ અને રાજુ સોલંકીનું મોત નીપજતા માલવીયાનગર પોલીસ મથકના એએસઆઈ અશ્વિન કાનગડ વિરુદ્ધ આઈપીસી કલમ ૩૯૨, ૩૯૭, ૩૨૩ અને એટ્રોસિટી એક કલમ ૩ (૨,૫) મુજબ ગુનો નોંધાયો હતો જે કસ્ટડીયલ ડેથ પ્રકરણમાં જેલ હવાલે રહેલા આરોપી એએસઆઈ અશ્વિન કાનગડે જેલ મુક્ત થવા સેશન્સ કોર્ટમાં જામીન અરજી કરી હતી જે જામીન અરજી ચાલવા ઉપર આવતા બંને પક્ષની રજૂઆત બાદ સરકારી વકીલ અને ફરિયાદ પક્ષે રોકાયેલા વકીલ દ્વારા કરવામાં આવેલી દલીલોને ધ્યાને લઈ અદાલતે આરોપી એએસઆઈ અશ્વિન કાનગડની જામીન અરજી નામંજૂર કરતો હુકમ કર્યો છે. આ કેસમાં મુળ ફરીયાદી વતી રાજકોટના જાણીતા એડવોકેટ અનીલ બી.ડાકા, રૂપાબેન ડી.ભાયાણી, તરંગ એમ.બાલધા, સોહીલ એમ. રામાણી, સહીયોગી તરીકે યોગેશ પારેજીયા, ધ્રુવીન જે.રાઠોડ, દીગવીજયસીંહ સાકરીયા, વીરાજ એચ.વસોયા, મનીષ જી.જાટીયા, ધ્રુવ વી.ડાંગર અને સરકારી વકીલ તરીકે પી.કે.પટેલ રોકાયા હતા.

# રાજકોટના શાસ્ત્રીનગરમાં સાસુને મરવા મજબુર કરનાર પુત્રવધુ સામે ફરિયાદ

રાજકોટની રામાપીર ચોકડી પાસે શાસ્ત્રીનગરમાં રહેતા વિપુલભાઈ તરશીભાઈ નકુમ ઉ.૩૫એ પડોશમાં રહેતા




નાનાભાઈના પત્ની ધર્મિષ્ઠાબેન ધવલભાઈ નકુમ સામે વૃદ્ધ માતા કાંતાબેનને મરવા મજબુર કરવા અંગે યુનીવર્સીટી પોલીસમાં ફરિયાદ નોંધાવી છે. ફરિયાદમાં જણાવ્યું હતું કે માતા ભાઈના ઘરે રહેતા હતા ગત ૧૪ ઓગષ્ટે રાત્રે હું ઘરે હતો ત્યારે માતાએ પત્નીને ફોન કરી ધર્મિષ્ઠા ઝપાઝપી કરે છે તેમ કહેતા હું અને પત્ની ત્યાં દોડી ગયા હતા માતાએ કહ્યું હતું કે પોતે બીમાર હોય છતાં પુત્રવધુ બહાર જ્યાં ત્યારે ઘરમાં તાળું મારી અંદર પૂરીને જાય છે મને ગભરામણ થતી હોય ઘર ખુલ્લું રાખીને જવાનું કહેતા ધર્મિષ્ઠાએ કહેલ કે આ ઘર મારૂ છે હું કહું તેમ જ તારે રહેવાનું છે ના ફાવે તો ઘરની બહાર હાલતીની થઈ જા કહી અને શારીરિક માનસિક ત્રાસ આપે છે તેમજ ઢીકાપાટુનો માર માર્યો હતો ઈજા થતા હોસ્પીટલમાં સારવાર લીધી હતી અને અરજી આપી હતી મારા સાથે રહેવા લાવતા માતાએ ધર્મિષ્ઠા જીવવા નહિ દે મારે મરી જવું છે તેવું કહ્યું હતું બાદમાં ૧૭ ઓગષ્ટે માતાએ ધવલના ઘરમાં ફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો જેથી ફરીઓયાદ નોંધાવતા પીએસઆઈ એન જે મસાકપુત્રાએ તપાસ હાથ ધરી છે.

# રામધણ આશ્રમ પાસે યુવાનને કાર નીચે કચડી નાખનાર મોટાભાઈ સામે ફરિયાદ

■ બેદરકારીથી ડ્રાઈવીંગ કરી નાના ભાઈને મોટાભાઈએ કચડી નાખતા મોત થયુંઃ ધરપકડ




**મુખ્ય સમાચાર,રાજકોટ**
શહેરના મવડી પ્લોટ વિસ્તારમાં આવેલ રામધણ આશ્રમ નજીક સંસ્કાર સીટીમાં રહેતા કારકાનેદારનું પોતાના મોટાભાઈ સાથે કારમાંથી પડી જવાથી શંકાસ્પદ મોત થયાના મામલે પોલીસ તપાસ દરમિયાન કારખાનેદાર તેના મોટાભાઈનીકાર ઠોકરે મોતને ભેટ્યા હોવાનું બહાર આવતા આ મામલે તાલુકા પોલીસે કારખાનેદારના મોટાભાઈ વિરુદ્ધ ગુનો નોંધી તેની ધરપકડ કરી છે.

આ અંગેની માહિતી મુજબ સંસ્કાર સિટીમાં રહેતા કારખાનેદાર ધર્મેન્દ્રભાઈ છગનભાઈ રૈયાણી ઉ.વ.૩૮ નામના કારખાનેદારને બેભાન હાલતમાં સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા બાદ તેમનું મોત થયું હતું. પોસ્ટમોટર્મ રિપોર્ટમાં માથામાં ઈજા થવાથી મોત થયાનો તબીબોએ અભિપ્રાય આપ્યો હતો.

આ મામલે તાલુકા પોલીસ મથકના પીઆઈ હરીપરા સહિતના સ્ટાફે સીસીટીવી ફુટેજના આધારે તપાસ શરૂ કરી હતી. બીજી તરફ ધર્મેન્દ્રભાઈને સારવાર માટે લાવનાર તેના મોટાભાઈ પ્રશાંત છગન રૈયાણીએ પોલીસ સમક્ષ ધર્મેન્દ્રભાઈકારમાંથી પડી ગયા હોય અને તેમને ઈજા થયાનું જણાવ્યું હતું. જો કે, આ બાબત પોલીસના ગળે ઉતરતી ન હોય જેથી પોલીસે તપાસ કરતા પ્રશાંતભાઈની બેદરકારીથી જ નાનાભાઈ ધર્મેન્દ્ર રૈયાણીનું મોત થયાનું સામે આવ્યું હતું. ધર્મેન્દ્રભાઈ અને પ્રશાંત બન્ને કારમાં બહાર જવા નિકળ્યા હતા. ત્યારે કાર રિવર્સમાં લેતી વખતે પ્રશાંતભાઈની બેદરકારીથી કાર ઠોકરે ચડીગયેલા ધર્મેન્દ્રભાઈના માથા ઉપરથી કારનું વ્હીલ ફરી જતાં તેમને ગંભીર ઈજા થવાથી મોત થયાનું જાણવા મળ્યું હતું. આ મામલે તાલુકા પોલીસે ગુનો નોંધી નાનાભાઈને કાર નીચે ક્ચડી નાખનાર મોટાભાઈ પ્રશાંત રૈયાણીની સામે ગુનો નોંધી તેની ધરપકડ કરી છે.

# શાપર-વેરાવળની સગીરા પર દુષ્કર્મ કરનાર આરોપીને ૨૦ વર્ષની સજા

## ગોંડલ સેશન્સ કોર્ટ એક વર્ષ પહેલા બનાવમાં મહત્વનો ચુકાદો આપ્યો



**મુખ્ય સમાચાર,રાજકોટ**
શાપર વેરાવળમાં રહેતા ફરીયાદીની ભોગબનનાર સગીરાને આરોપી જગદીશ ઉર્ફે અજય સોમાભાઈ રાઠોડ ભગાડી ગયેલ તેવી સગીરાની માતાએ તા.૦૭/૧૦/૨૩ ના રોજ શાપર વેરાવળ પોલીસ સ્ટેશનમાં જગદીશ ઉર્ફે અજય સોમાભાઈ સામે ફરીયાદ આપેલ હતી.જે કેસ ગોંડલ સેશન કોર્ટમાં ચાલી જતા કોર્ટે આરોપીને ૨૦ વર્ષની સજાનો હુકમ કરેલ છે.

બાદ આરોપી અને સગીરા મળી આવતા જગદીશની ધરપકડ કરેલ ત્યારે સગીરાએ જણાવેલ કે આરોપી તેને બદકામ કરવાના ઈરાદે તેના મુળ વતન ખમીદાણા તા.કેશોદ જી.જુનાગઢ ગામે લઈ ગયેલ હતો અને ત્યા સગીરા સાથે તેની મરજી વિરુદ્ધ બે થી ત્રણ વખત દુષ્કર્મ કરેલ તેવુ સગીરાએ પોલીસને જણાવ્યું હતું.ત્યારબાદ જગદીશ ઉર્ફે અજય સોમાભાઈ રાઠોડ સામે પોકસો અદાલતમાં ચાર્જશીટ થયેલ અને સરકારી વકીલ ઘનશ્યામ કે. ડોબરીયા દ્વારા દસ્તાવેજી પુરાવા લિસ્ટ રજુ થયેલ અને કોર્ટમાં ભોગબનનાર સગીરાની જુબાની તથા દસ્તાવેજી પુરાવા તેમજ માતા પિતાની જુબાની તથા સરકારી વકીલની દલીલો ધ્યાને રાખી ગોંડલના સેશન્સ જજ એમ.એ. ભટ્ટીએ ૨૦ વર્ષ કેદની સજા ફરમાવેલ છે.

# પતિએ બીજા લગ્ન કરી લેતા પૂર્વ પત્નીએ બીજી પત્નીને મારી નાખવાનો પ્રયાસ કર્યો

## સગર્ભાને પેટમાં પાટા મારી ચુંદડીથી ગળાફાંસો આપતા ગર્ભપાત થઈ ગયો

**મુખ્ય સમાચાર,રાજકોટ**
વાવડીમાં રહેતી સગર્ભાને ગત.તા.૩૧મીએ ઘરે એકલી હતી ત્યારે શાપરથી આવેલી તેના પતિની પૂર્વ પત્નિએ તને ના પાડી તો ય કેમ તારા પતિ સાથે રહે છે હવે તને અને તારા ગર્ભમાં રહેલા બાળકને મારી નાખવા છે તેમ કહી પેટમાં પાટા મારી ચુંદડીથી ફાંસો દેવાનો પ્રયાસ કરી તેમજ ઝેરી દવા પીવડાવી હત્યાનો પ્રયાસ કર્યો હતો.

ગોંડલ રો પર વાવડી ગેઈડ પાસે શેરી નં ૧માં મહાદેવ ફ્લોર મીલ પાસે રહેતા મંજુલાબેન કાંતિભાઈ સુંદરવા ઉ.વ.૪૮ ની ફરિયાદ પરથી શાપર રહેતી નીકીતા નાનજીભાઈ દવેરા વિરૂધ્ધ તાલુકા પોલીસે હત્યાની કોશિષનો ગુનો નોંધ્યો હતો. જેમાં તેઓના પુત્રના અગાઉ લગ્ન શાપરની નિકીતા સાથે થયા હતા.બન્ને મનમેળ ન થતાં તેઓના પુત્રએ છુટાછેડા લઈ લીધા હોય અને સાત મહિના પુર્વે ચાર્મી સાથે કોર્ટમેરેજ કરેલ અને તેના પેટમાં પાંચેક માસનો ગર્ભ છે.આરોપી નિકીતા અવાર નવાર પુત્રને ફોન કરી ચાર્મીથી દુર થઈ જવા હેરાન કરી હતી. અને ગત.તા.૩૧ના તેઓની પુત્રવધુ ઘરે એકલી હતી.ત્યારે નિકીતાએ પેટમાં પાટા મારી બળજબરી ઝેરી દવા પીવડાવી હોવાની વાત કરતાં જેથી તાત્કાલિક સારવાર અર્થે ખાનગી હોસ્પિટલમાં ખસેડી હતી.

બનાવના પગલે તાલુકા પોલીસે હત્યાની કોશિષનો ગુનો નોધી નિકીતાને ઝડપી જેલ હવાલે કરી હતી.અને ચાર્મીને અચાનક ગર્ભપાત થઈ જતાં પોલીસે બાળકના મૃતદેહને પીએમ અર્થે સિવિલ હોસ્પિટલમાં ખસેડી વધુ તપાસ હાથ ધરી છે.

# જુનાગઢમાં ધો.૧૦માં ત્રણવાર નાપાસ થતા સગીરાનો આપઘાત

## પડધરીના સરપદડ ગામે સગીરાને પરાણે ભણાવતા આપઘાતનો પ્રયાસ કર્યો





**મુખ્ય સમાચાર,રાજકોટ**
જૂનાગઢ ખાતે ખામધ્રોળ રોડ ઉપર રહેતા પરિવારની ૧૭ વર્ષીય પુત્રી ધો. ૧૦માં અભ્યાસ કરતી હતી. તે પ્રથમપરિક્ષામાં નાપાસ થયા બાદ ફરી વખત બે વાર પરિક્ષા આપી હતી. છતાં પણ પાસ નહીં થતાં લાગી આવતા પોતાના ઘરે પંખા સાથે ચુંદડી બાંધી ફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. જ્યારે બીજી ઘટનામાં પડધરીના સરપદડ ગામે રહેતા ૧૪ વર્ષીય તરુણને ભણવું ન હોવા છતાં પિતા પરાણે ભણાવતા હોવાથી કંટાળીને આપઘાતનો પ્રયાસ કરતા તેને હોસ્પિટલે ખસેડવામાં આવ્યો હતો. જૂનાગઢના ખામધ્રોળ રોડ પર રહેતા અને ૧૭ વર્ષીય વૈશાલીના પિતા સોમાભાઈ બટુકભાઈ ભડેલીયાએ નિવેદનમાં જણાવ્યું હતું કે, પત્ની દીકરો અને દીકરી વૈશાલી સાથે ખામધ્રોળ રોડ વિસ્તારમાં રહું છુ. દીકરી વૈશાલીએ ધોરણ ૧૦ની ૩ વખત પરિક્ષા આપી હતી. પરંતુ ત્રણેય વખત નાપાસ થઈ હતી. જેના કારણે ગુમસુમ રહેતી હતી અને લાગી આવતા વૈશાલીએ ધોરણ ૧૦ની પરીક્ષામાં ત્રણ વખત નાપાસ થતાં ટેન્શનના કારણે ઘરે પંખા સાથે ચુંદડી બાંધી ગળાફાંસો ખાઈ લીધો હતો. આ નિવેદનના આધારે એએસઆઈ ગરાચરે વધુ તપાસ હાથ ધરી હતી.

જ્યારે બીજી ઘટનામાં પડધરીના સરપદડ ગામમાં રહેતાં ૧૪ વર્ષિય તરૂણે ગઈ કાલ બપોરે પોતાનાં ઘરે જંતુ મારવાનો ઝેરી પાવડર પી લેતાં તાકિદે તેને રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. જ્યાં સારવારમાં સારુ જણાતાં તબીબે રજા આપી હતી. તરૂણ ધોરણ ૧૦ માં અભ્યાસ કરે છે. ગઈ કાલે વિદ્યાર્થી રાજકોટમાં આવી મોજ મસ્તી કરી ઘરે ચાલ્યો ગયો હતો. બાદ પગલું ભર્યું હતું. વિદ્યાર્થીને ભણવામાં ચિ ન હોય અને ભણતરનો ભાર હોય એવું સતત લાગી રહ્યું છે. વિદ્યાર્થીના પિતા તેમનાં પુત્રના ઉજ્જળા ભવિષ્ય માટે પુત્રને ભણવું જરૂરી છે તેવું સમજાવ્યું હતું. પણ પુત્રને ભણવું ગમતું ન હોય અને તેના પિતા ભણાવવા માંગતા હોય જેથી કંટાળી વિદ્યાર્થીએ ગઈ કાલે પોતાનાં ઘરે જંતુ મારવાનો ઝેરી પાવડર પી લીધો હતો.

# ગણપતિ મહોત્સવ અંગે પોલીસ કમિશનરનું જાહેરનામુઃ આઠ સ્થળોએ મૂર્તિ વિસર્જન કરી શકાશે

**મુખ્ય સમાચાર,રાજકોટ**
આગામી તારીખ ૭થી ૧૭ સુધી રાજકોટમાં ગણપતિ મહોત્સવનું ઠેર ઠેર આયોજન થનાર છે ત્યારે ઉજવણીના અંત સમાન વિસર્જન વખતે કોઈ અનિચ્છનીય ઘટના ન બને અને કાયદો-વ્યવસ્થાની સ્થિતિ જળવાઈ રહે તે માટે રાજકોટ પોલીસ કમિશ્નર દ્વારા જાહેરનામું પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે જેમાં પોલીસે નક્કી કરતા આજી, ન્યારી, પાળ. વાગુદળ સહિતના આંઠ સ્થળોએ જ વિસર્જન કરવા જણાવાયુ છે તેમજ વિસર્જન દરમિયાન ધાર્મિક લાગણી દુભાય તેવા ગીતો વગાડવા ઉપર તથા જાહેરમાં રંગ ઉડાડવા પર પ્રતિબંધ ફરમાવવામાં આવ્યો છે.

રાજકોટ શહેર પોલીસ કમિશ્નર બ્રજેસ ઝાએ ગણપતિ મહોત્સવ અંતર્ગત જાહેરનામું પ્રસિદ્ધ કર્યુ છે જેમાં જણાવ્યા પ્રમાણે શહેરમાં ઠેર ઠેર તા. ૭થી ૧૭ ગણપતિ મહોત્સવ યોજાનાર હોય અમુક લોકો ત્રણ દિવસે, અમુક પાંચ દિવસે, અમુક સાત દિવસે, અમુક નવમાં દિવસે વિસર્જન કરતા હોય છે મુખ્યત્વે ૧૧માં દિવસે લોકો વધુ વિસર્જન કરતા હોય છે ત્યારે દુંદાળાદેવની મૂર્તિનું વિસર્જન કરવા માટે આજી ડેમ ઓવરફ્લો ચેકડેમ, ખાણ ૧, ખાણ ૨, પાળ ગામ, ન્યારાના પાટિયા પાસે, વાગુદળના પાટિયા પાસે તથા ભાવનગર રોડ રવિવારી બજારવાળા ગ્રાઉન્ડ પાસેના ૮ સ્થળો નક્કી કરવામાં આવ્યા છે.

પ્રતિબંધ બાબતે જણાવ્યું છે કે મંજુરી વિના સરઘસ કાઢવા ઉપર, નક્કી કરેલા સ્થળો સિવાય અન્ય સ્થળોએ વિસર્જન કરવા ઉપર, મૂર્તિનો શણગાર ફૂલ, વસતો સાથે વિસર્જન કરવા ઉપર, જાહેરમાં રંગો, પાવડર કે તૈલી પદાર્થો ઉડાડવા ઉપર, સરઘસ દરમિયાન ધાર્મિક લાગણી દુભાય તેવા ગીત કે સંગીત કે ભાષણો કે પ્રવચનો વગાડવા ઉપર પ્રતિબંધ ફરમાવવામાં આવ્યો છે સરઘસ દરમિયાન સામાન્ય ટ્રાફિકને અડચણરૂપ ન થાય તેનું ખાસ ધ્યાન રાખવાપણ સૂચન કરવામાં આવ્યું છે.